|| વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ


**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ તમે પ્રકાશ જ છો ॥

તમે અંધારા સાથે તાદાત્મ્ય કરી રાખ્યું છે કે 'હું અંધારું છું.' તમે માની લીધું કે તમે અજ્ઞાની છો, ભટકી ગયા છો, પાપી છો. આ માન્યતાઓ છે. જે દિવસે એ તૂટશે એ દિવસે તમે જાણશો કે તમે ચૈતન્યપ્રકાશ છો. તમે તો ચિન્મય પ્રકાશ છો. નિત્ય, નિરંતર જલતો પ્રકાશ છો. ક્ષણભર તમે અંધકાર નહોતા. અંધકાર તમે થઈ પણ ન શકો. તમે અંધકાર હોત તો પ્રકાશ સાથે તમારું મિલન ક્યારેય ના થઈ શકત.

તમે અંધકાર નથી. તમે પણ પ્રકાશ છો. તમારા દીવાની જ્યોત ભલે ગમે તેટલી ઝાંખી બળતી હોય. એની ચારે તરફ ગમે તેટલો અંધકાર હોય પણ તમે સ્વયં અંધકાર નથી. જો કોઈ તમને હલાવે, જગાડે, તમને હોશ આપે તો એ ક્ષણે જ ક્રાંતિ ઘટી શકે છે.

આકાશમાં સૂરજ ઢંકાઈ જાય, મટતો નથી. વાદળો હટતાં જ સૂર્ય ફરી પ્રગટ થઈ જાય છે. થોડી, જરાક અમથી હવા જોઈએ બુદ્ધ પુરુષોની ને તમારાં વાદળ વીખરાઈ જશે. તમને યાદ આવી જશે કે તમે કોણ છો ? આત્મબોધ નવો પેદા કરવાનો નથી, માત્ર ભૂલાયેલા આત્માની પુનઃ સ્મૃતિ છે.

જિસસ કહે છે : 'તમે જે નથી તે તમારાથી છીનવી લઈશ. જે છો એ જ તમને આપી દઈશ.'

જે દીવો, જે વાટ ભીતર જલે છે એ અકારણ છે. જેનું તેલ કદી નહિ ખૂટે, કેમકે તેલ નથી, વાટ બુઝાશે નહિ કેમકે વાટ છે જ નહિ. માત્ર જ્યોતિ છે, માત્ર પ્રકાશ છે. એ શુદ્ધ પ્રકાશ જે તમારો સ્વભાવ છે.

કૃષ્ણ, ક્રાઈસ્ટ તમને જગાડ્યા કરે છે. એ તમને કંઈ આપવાના નથી. જે તમારી પાસે છે એના પ્રતિ તમને સજગ કરી નાખવાના છે.

**—'ઓશો'**

**(બિન બાતી, બિન તેલ)**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ૧૮ માર્ચ, ૧૯૮૪

## (ગુરુભગવંત શ્રીયોગેશ્વરજીના સૂક્ષ્મ સ્વરૂપનો પ્રાગટ્યદિન)

'મહાસમાધિના બે દિવસ પહેલાં જ નરેન્દ્ર શ્રીરામકૃષ્ણની પથારી પાસે ઊભો હતો, એને થયું; 'પોતે ઈશ્વરનો અવતાર છે; એવું શ્રીરામકૃષ્ણ અનેકવાર બોલી ચૂક્યા છે. પરંતુ જ્યારે એ આવી શારીરિક પીડા અને અસહ્ય વેદના ભોગવી રહ્યા છે ત્યારે આ અવસ્થામાં પણ જો એ કહી શકે કે 'હું ઈશ્વરનો અવતાર છું. તો હું એમને માનું.' ત્યાં જ એક નવાઈભરી ઘટના બની. નરેન્દ્રનો વિચાર પૂરો ન થયો ને ત્યાં જ શ્રીરામકૃષ્ણ એના તરફ ફર્યા અને તમામ શક્તિ એકઠી કરીને સ્પષ્ટ રીતે બોલ્યા 'અરે નરેન ! તને હજી ખાતરી થતી નથી ? જે રામ હતા. જે કૃષ્ણ હતા. તે જ રામકૃષ્ણરૂપે આ દેહમાં બિરાજે છે; અને એ પણ તારી વેદાન્ત દૃષ્ટિથી નહિ !'

**—'શ્રીરામકૃષ્ણદેવ'**

**(પ્રકાશક : સ્વામી જિતાત્માનંદ)**

**અધ્યક્ષ, શ્રીરામકૃષ્ણ આશ્રમ**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. | 'અમોને મૌનપ્રસાદ ધરો' પદ | " | ૧૩ |
| ૩. | 'આપણે બધા પ્રભુના અવતારો જ છીએ' | સંકલન | ૧૮ |
| ૪. | 'ચેતના ચેતનાને પકડી જ લે છે.' | શ્રી વિમલા ઠકાર | ૧૯ |
| ૫. | 'પ્રેમ અને સહજતા જીવનનું સ્વાસ્થ્ય છે' | " | ૨૦ |
| ૬. | પ્રાસ્તાવિક(પરમ ચૈતન્ય એક જ છે) | " | ૨૨ |
| ૭. | શ્રીગૌતમ બુદ્ધ | શ્રી ઠાકુર કેદારનાથ | ૨૪ |
| ૮. | શ્રીશંકરાચાર્ય | શ્રી કાર્તિકેય ભટ્ટ | ૨૭ |
| ૯. | શ્રીજ્ઞાનેશ્વર | સંકલન | ૩૧ |
| ૧૦. | શ્રીનાનક | " | ૩૪ |
| ૧૧. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | " | ૩૭ |

**॥ મહાત્મા શ્રીયોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત ॥**
**(કેટલાક સંકલિત અંશો)**

| | |
|---|---|
| ૧. મહાપુરુષ | ૫. માણસ |
| ૨. જીવન | ૬. નિયતિ |
| ૩. શરીર | ૭. મૃત્યુ |
| ૪. મન | ૮. પ્રકીર્ણ |

**॥ નૂતન વર્ષ : નૂતન સત્કર્મ ॥**

**॥ સંદર્ભગ્રંથો ॥**



'સંત અંક' ગીતાપ્રેસ, ગોરખપુર

'શ્રીરામકૃષ્ણદેવ' પ્રકાશક સ્વામી જિતાત્માનંદ

'જીવનયોગ' શ્રી વિમલા ઠકાર (અનુ.બચુભાઈ સુતરિયા)

## નિવેદન : 'સૂક્ષ્મ પ્રેમની અખંડ-અવિચ્છિન્ન મૌનધારા'

મહાત્મા યોગેશ્વરજીના લીલાસંવરણ પ્રસંગને અનુલક્ષીને પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ કહ્યું હતું; 'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી. સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગીને વધુ વ્યાપક અને સઘનરૂપે તેઓ પ્રગટ થયા છે.'—આ વિધાનની યથાર્થતા સંપૂર્ણતઃ અનુભવી શકાય એવાં જીવતાં-જાગતાં પ્રમાણો પણ છે. 'સત્યપથ' અને 'સ્વર્ગારોહણ'ના કણકણમાં પૂજ્યશ્રીનું શાશ્વત ચૈતન્ય સ્પંદિત થયા કરે છે. હજારો ભક્તોના હૃદયમાં અચલ શ્રદ્ધારૂપે તેઓશ્રીનો ધબકાર છે. અને પૂ.શ્રી'મા'નો અંતરાત્મા-જેમાં પૂજ્યશ્રીના અસ્તિત્વની વીણા સદા ઝંકૃત છે. હજારો મુદ્રિત શબ્દોમાં જે ઝળહળ છે.

પૂ.શ્રી'મા'નાં મન-હૃદયે 'પ્રભુના સ્થૂળ આવિર્ભાવરૂપે' જ ગુરુદેવને સ્વીકાર્યા એટલે શ્રીકૃષ્ણ કહે છે તેમ; 'જે સાકાર પરમાત્માની ધારણાને સ્વીકારીને તેના ચરણોમાં સ્વયંને સમર્પિત કરી દે છે. અનન્ય ભાવથી તેનું નિરંતર સ્મરણ કરે છે એવી ભક્તની તલ્લીનતા તેને પહેલે પગલે જ અહંકારથી મુક્ત કરી દે છે; પરમાત્મા સાથે ઓતપ્રોત, એકરૂપ કરી દે છે.'

આજે 'મા' સંપૂર્ણ સહજ અવસ્થામાં છે. પોતાને કર્તાભાવથી મુક્ત કરી અકર્મણ્ય એ રીતે થઈ ગયાં છે કે પ્રભુ કર્મ કરવા માગે તો કરાવે, ન કરવું હોય તો ન કરાવે. બધું એના પર છોડી દીધું છે. પોતાના તરફથી કોઈ પ્રયત્ન નહિ. પ્રભુપ્રેમની ધારા જ્યાં લઈ જાય ત્યાં જાય. એટલાં શાંત, એટલાં નિષ્કામ કે માત્ર હયાતિ જ છે; જેમાંથી પ્રેમ-કરુણાનો સ્રોત સતતવાહી બનીને સારી સમષ્ટિને પખાળી રહ્યો છે. એમના કરોડો મંત્રજપમાં 'મારો આનંદ, મારી પ્રસન્નતા બધા સુધી પહોંચી જાય' એવી વૈશ્વિક કલ્યાણની બંસી સતત ગુંજ્યા કરે છે.

વળી, 'મા' પાસે છે કેવળ મૌન. માત્ર વાણીનું નહિ, મનનું સંપૂર્ણ મૌન. જે સર્વત્ર પ્રસરે છે, એના સંચારથી પ્રત્યેક ભક્તનું યોગક્ષેમ સચવાય છે. કોને માટે, શું કેવી રીતે કરવું એની એમાં દરકાર છે. આ મૌન અત્યંત કાર્યસાધક છે, જેને દેશકાળનાં અંતર નડતાં નથી. 'મા'ની કૃપા એકધારી, અજસ્ર વહે છે, ભક્તો બેખબર હોય એવું બને !

'મા' ભારતમાં હોય ત્યારે એક સ્થળે જ હોય છે પણ ભારતની બહાર હોય ત્યારે સર્વત્ર, સર્વકાળ અનુભવાય છે. આ એમના પ્રેમની રીતિ છે, પ્રતીતિ છે. એમાં પૂજ્યશ્રીના ચિરંતન પ્રેમના સુગંધ સહજ ભળેલી છે. એ સૂક્ષ્મ પ્રેમની અખંડ મૌનધારાના અમીવર્ષણને મસ્તકે ધરી ધન્ય થઈએ. કોટિ કોટિ પ્રણામ કરીએ.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૧૨૩

### તા. ૧૯-૩-૮૩, શનિવાર, ફાગણ સુદ પાંચમ સં. ૨૦૩૯

### ડરબન શહેર

આજે સવારે એ જ નિત્યક્રમ રહ્યો. ખીચડી ને શાકનું ભોજન બનાવીને દરરોજની જેમ લઈ લીધું.

આજે બે-ત્રણ બહેનો મળવા આવે છે. તે પૈકીની બે બહેનોએ મંત્ર લીધો.

બપોરે થોડો આરામ કરી તૈયારી કરી. ત્રણ વાગ્યે અવોકાના શ્રી રામકૃષ્ણ સૅન્ટરમાં જવાનું હતું. તેથી ત્યાં સાડા ત્રણે પહોંચી ગયા. સ્વામી શારદાનંદજી સાથે થોડીવાર વાતો કરી, જેમાં સ્વામી યોગાનંદ, વિવેકાનંદ વગેરેની વાતો થઈ.

સ્વામી શિવપાદાનંદજીને મળવાનું હતું. પરંતુ તેઓ કોઈક કારણસર મોડા પડ્યા. તેઓ અમને રામકૃષ્ણ મંદિરના હૉલમાં લઈ ગયા. તેમણે સૌને ઊભા થઈને નમસ્કાર કરવાની સૂચના આપી. પૂ.શ્રી પોતાની બેઠક ઉપર બેઠા, એટલે સ્વામી શિવપાદાનંદજીએ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી સૌને બેસી જવાની સૂચના આપી.

હૉલ આખોયે ભરાયેલો હતો. સૌ બેસી ગયાં. એક નાનકડી છોકરીને ધૂન ગવડાવવાની સ્વામીજીએ સૂચના આપી. તે છોકરીએ ધૂન ગવડાવી. પછી એક યુવાને શ્રીકૃષ્ણની ધૂન ગવડાવી. અંતે ખુદ સ્વામીજીએ 'ૐ તત્સત્'ની ધૂન બોલાવી. પછી તેમણે સ્વાગતનો નાનકડો વાર્તાલાપ આપી, પૂ.શ્રીને પોતાનું પ્રવચન શરૂ કરવા વિનંતિ કરી.

પૂ.શ્રી ઊભા થયા. પાસે જ પ્રવચન કરવાનું ટેબલ હતું, જ્યાં પૂ.શ્રી ઊભા રહ્યા. એક કલાક સુધી એકધારી મધુર જ્ઞાનસભર વાણીનો પ્રવાહ પૂ.શ્રીના મુખેથી વહેતો રહ્યો. આજનો વિષય 'આત્મજ્ઞાન અને શ્રીરામકૃષ્ણ' હતો. અંગ્રેજી પ્રવચનોની માળાનો આજનો આ છેવટનો મણકો હતો. આજના પ્રવચનમાં પૂ.શ્રીએ ભારતીય સંતોની પરંપરામાં શ્રી રામકૃષ્ણદેવના વિશિષ્ટ સ્થાનની સુંદર ચર્ચા કરી.

પ્રવચનને અંતે મારે સ્વામીજીની વિનંતિને માન્ય રાખીને ધૂન બોલાવવી પડી.

જય રામકૃષ્ણ ગુરુદેવ (૨)

જય શારદા માત ભવાની

જય અંબે માત ભવાની

ધૂનને અંતે અહીંના શિષ્ટાચાર મુજબ, 'ૐ શ્રી રામકૃષ્ણ ભગવાન કી જય, પવનસુત હનુમાન કી જય, શ્રી અંબે માત કી જય' એમ જયકાર બોલાવ્યા. ત્યારબાદ સ્વામી શિવપાદાનંદજીએ આભારદર્શન કર્યું અને પૂ.શ્રીને વિદાય આપતાં કહ્યું: આપના આગમનથી અમને ઘણો લાભ થયો. આપનો રામકૃષ્ણ ઉપર અપૂર્વ આદરભાવ જોયો. આપ ફરી ફરી અહીં આવો અને જનતાને લાભ આપો એ જ પ્રાર્થના. વિદાય વસમી હોય છે. આપને અમારી પ્રાર્થના છે કે આપ અમને હંમેશાં યાદ રાખજો.

ફરીથી ઊભા થઈને વિદાય આપવાની સ્વામીજી વિનંતિ કરે છે. શ્રોતાવર્ગ ઊભો થાય છે. સ્વામીજી પણ ઊભા થાય છે. ફરીથી પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. સ્વામી શારદાનંદજી,

સ્વામી પ્રેમાનંદજી પણ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. બીજાં ભાઈબહેનો પણ પ્રણામ કરે છે.

અમને વિદાય આપવા સ્વામીજી, તેમને ના કહેવા છતાં હૉલની બહાર સુધી આવે છે. બહાર અમને શ્રી શાંતિભાઈની કંપની મળે છે. તેમની સાથે આજે ભારત હૉલના છેવટના પ્રવચનની વ્યવસ્થા અંગે ચર્ચા થાય છે.

અવોકા આશ્રમનો વિસ્તાર ઘણો મોટો છે. આશ્રમમાં ઝાડીની વચ્ચે એક કુટિયા પણ છે, જે ૧૯૭૩માં બંધાઈ હતી. સ્વામી શ્રીશિવપાદાનંદ જ્યારે અવોકા આશ્રમમાં રહેતા ત્યારે આ કુટિયામાં જ રહેતા. કુટિયાને બહારથી જોવાનું બન્યું. આશ્રમમાં મોર પણ છે. વળી, કૂતરો પણ છે. આશ્રમનું કુદરતી સૌંદર્ય આકર્ષક છે. ઊંચી ટેકરી ઉપર ઝાડીઓની વચ્ચે આ આશ્રમ આવેલો છે.

આશ્રમમાંથી અમે વિદાય લઈને રિઝર્વહીલના અમારા ઉતારા ઉપર પંદર મિનિટના મોટર માર્ગે આવી જઈએ છીએ. ત્યારે જોહાનિસબર્ગથી અમારા યજમાન શ્રી મગનભાઈ ઉતારા ઉપર આવીને બેઠા છે. અમને ખૂબ આનંદ થયો. એમનો અમારા પ્રત્યેનો પ્રેમભાવ, આદરભાવ અદ્‌ભુત છે. એ પ્રેમના સંબંધે તેઓ આટલે દૂર અમને વિદાય આપવા પ્લેનમાં આવી પહોંચ્યા છે. તેમની સાથે થોડી વાતો કરી.

બાફેલી મકાઈ ને કેરીનો નાસ્તો કરી અમે ભારત હૉલમાં જવા વિદાય થઈએ છીએ. શ્રી મગનભાઈ અમારી સાથે જ આવે છે. ભારત હૉલમાં દરરોજની જેમ શ્રી શાંતિભાઈ બહાર ઊભા જ હતા.

બીજે માળે જે હૉલ છે ત્યાં દરરોજની જેમ અમે સમયસર

પહોંચી જઈએ છીએ. શરૂઆતમાં ભજનમંડળને ભજન સંભળાવવાની પૂ.શ્રી સૂચના આપે છે. ભજન બાદ સંત પુનિત સેવાસંઘના પ્રમુખ શ્રી રતિભાઈ આજના વિદાય-સમારંભનું સંચાલન કરવા ઊભા થાય છે.

આજે મંચ ઉપર સ્વામી શ્રી સહજાનંદજી તથા સ્વામી શ્રીશિવપાદાનંદજીની બેઠકોનું પણ આયોજન થયેલું છે.

આ વિદાય-સમારંભમાં સૌપ્રથમ શ્રી દયાળભાઈ, જેઓ સંસ્થાના વયોવૃદ્ધ ટ્રસ્ટી છે તેઓ વિદાયનો સંદેશ વાંચીને પૂ.શ્રીને પુષ્પહાર અર્પણ કરે છે. વળી, શ્રી કમુબહેન મને ફૂલોનો મોટો ગુચ્છ અર્પણ કરે છે. ત્યારબાદ શ્રી ડાહ્યાભાઈ વિદાયનું પ્રવચન આપે છે.

ત્યાર પછી અહીંના સુપ્રસિદ્ધ પંડિત શ્રી નરદેવ વેદાલંકાર વિદાય વાર્તાલાપ આપે છે. તેઓ સ્વામી શ્રદ્ધાનંદની વાત કરે છે. વળી, તેઓ પૂ.શ્રીના વિવિધ અનુભવયુક્ત ને જ્ઞાનસભર પ્રવચનો માટે આભાર દર્શાવે છે.

હિન્દીભાષી સમાજના શ્રી કૃષ્ણદાસ મહારાજ પોતાની વાત અંગ્રેજીમાં રજૂ કરતાં કહે છેઃ આવા મહાત્માઓ વારંવાર મળતા નથી. તેમનાં પ્રવચનોથી આપણને ઘણો લાભ મળ્યો છે. તેઓ જ્ઞાની જ નહીં, પણ અનુભવયુક્ત સાક્ષાત્કારી મહાપુરુષ છે. તેથી તેમને જોઈને આપણને ખૂબ જ શાંતિ મળે છે. એમનો લાભ આપણને ફરીવાર પણ મળે એવી આશા રાખીએ છીએ.

ડરબનના રેડિયો ટ્રુરોનાં નિયામિકા શ્રી જયમતીબહેને પોતાના વિદાય વાર્તાલાપમાં કહ્યુંઃ રેડિયો વાર્તાલાપ નિમિત્તે મને

મહાત્માજીનો પરિચય થયો છે. તેમના વિવિધ તહેવારો ને વિષયો ઉપરના જ્ઞાનસભર વાર્તાલાપો મેં રેડિયો ઉપર લીધા છે, તેમાંથી જનતાને ઘણો લાભ મળશે. આવા સંતોને આમંત્રણ આપીને આ સંસ્થા ખૂબ સુંદર સેવા કરી રહી છે.

વળી, સ્વામી શ્રીશિવપાદાનંદજીએ પોતાના વાર્તાલાપમાં કહ્યું: મહાત્માજીનો કોઈ પંથ કે આશ્રમ નથી. તેઓ સરળ ને સાદા છે, પણ તેમનામાં જ્ઞાનનું અનંત ઊંડાણ છે. તેઓ ખૂબ પ્રેમાળ છે. મને એમના નિકટ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મળ્યું છે. આજે તેમની કદર કરવાનો પ્રસંગ મળ્યો તેથી આનંદ થાય છે. સાથે સાથે વિદાયનું દુ:ખ પણ છે. અમારી મહાત્માજીને પ્રાર્થના છે કે, તેઓ અમને ના ભૂલે.

પછી, સ્વામી શિવપાદાનંદજીના શુભ હસ્તે પૂ.શ્રીને સન્માનપત્ર અર્પણ થાય છે.

ત્યારબાદ પૂ.શ્રી પોતાનું વક્તવ્ય આપે છે. ત્યાર પછી મેં પ્રસંગોચિત મારો વાર્તાલાપ આપ્યો.

પોણા અગિયાર વાગ્યે આખોયે કાર્યક્રમ પૂરો થયો. શ્રોતાવર્ગ આજે મંચ ઉપર આવીને પ્રણામવિધિ કરી વિદાય થાય છે.

બાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. રાતના પોણા બે વાગ્યે આરામ કર્યો.

હરિ: ૐ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ અમોને મૌન પ્રસાદ ધરો ॥

તમે તો ધારો તે સઘળું કરો
અમોને મૌન પ્રસાદ ધરો
પૂર્ણ વિરામ વાણી કરી દો
મુખને શુદ્ધિ ધરો
        સર્વ સ્વજનને રીઝવવાનો
        વ્યાપાર શાંત કરો.
સૂર્ય ચંદ્ર આકાશને તો
મૌન પ્રસાદ મળ્યો
        આભલાના તારલિયાનો
        ખોબલો મૌને મઢ્યો
હાથ પગ કે કર્ણ નેત્રનો
વ્યાપાર મૌને મઢ્યો
        જન્મ્યા ત્યારથી મૌને મઢેલો
        સાથ અમને મળ્યો
જનસંપર્કનો રોગ હઠાવો
પુનઃ પલાંઠી વળાવો
        કહ્યું અમારું હવે કરી લો,
        સંકટ સર્વ હરો
શ્યામ સખાને પ્રસન્ન કરતો
મૌનનો થાળ ધરો
        વિસર્જનની વંશી વગાડો
        સર્વેશ્વરીને જગાડો

**—શ્રી'મા' સર્વેશ્વરી**

**(રાગ : ચાલોને સાચા)**

**તા.૬/૮/૨૦૧૯**

## ॥ પદપરિચય ॥

પારાવાર પ્રભુપ્રેમ, અચલ શ્રદ્ધા અને સંપૂર્ણ સમર્પણ પૂ.શ્રી'મા' સર્વેશ્વરીની પ્રત્યેક રચનાનો 'પ્રાણસ્પંદ' છે. અત્યંત સરળ, સાદગીપૂર્ણ શબ્દશૈલીમાં એની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ પ્રત્યેક પદને અતીવ સુંદર બનાવી રહે છે. પ્રસ્તુત પદ 'અમોને મૌનપ્રસાદ ધરો' એનું જીવંત પ્રમાણ છે.

પદના પ્રારંભમાં જ પૂ.શ્રી'મા' સર્વસમર્થ પ્રભુની છબી કંડારી કહે છે; તમે ધારો તે સઘળું કરો, કરી શકો છો તો અમારી એક નાનકડી મૌન-પ્રસાદની માગણી કબૂલ રાખો. સામાન્યતઃ પ્રભુને પ્રાર્થના લોકો 'મૂકને વાચાળ' કરવા કહે છે. વાણી મનુષ્યજાતિને મળેલું વરદાન છે. અન્ય જીવો એનાથી વંચિત છે. જ્યારે અહીં 'મા' વાણી પર પૂર્ણ વિરામ મૂકવા પ્રભુને વીનવે છે. કારણ વાણી મુખની અશુદ્ધિ છે એને મૌન દ્વારા શુદ્ધિ બક્ષવાની છે. વાણીમાં સ્વાર્થ, સંકુચિતતા, રાગદ્વેષ, અસત્ય, મિથ્યા પ્રશંસા, નિંદા કેટલું બધું ઠલવાય છે ! અનાવશ્યક શબ્દોની ભરમાર, નિરર્થક બબડાટ, નર્યા શક્તિવ્યયથી-અહંકારથી ઊભરાતી હોય છે. વળી બધા સ્વજનોને રીઝવવામાં તે રચીપચી રહે છે એટલે મિથ્યા પ્રલાપોનો એ વ્યાપાર મૌનથી શાંત થાય એ ઈચ્છવાયોગ્ય છે.

તો વાણીના વિકૃત સ્વરૂપે જે પોતાની કરુણ સ્થિતિ સર્જી છે એમાંથી મુક્ત કરવા 'મા' ઈશ્વરને પ્રાર્થે છે. મનુષ્યની આ નિયતિ-વાણીએ કરેલી આ દુર્દશામાંથી પ્રભુપ્રેષિત મૌનનો પ્રસાદ જ બદલી શકે.

પ્રકૃતિમાં તો સર્વત્ર સૂર્ય, ચંદ્ર, આકાશમાં પ્રભુનો મૌનપ્રસાદ પ્રસરી રહ્યો છે. અરે ! આભલાના તારલાઓનો ખોબો-અસંખ્ય તારાઓ પણ મૌનથી મઢાયા છે.

જોકે, અમે અમારા પર નજર કરીએ છીએ તો અમારા હાથ, પગ, કર્ણ કે નેત્ર પણ અબોલ રહીને પોતપોતાનાં કર્તવ્ય શાંત રીતે બજાવે છે. અમે જન્મ્યા ત્યારથી એ બધાંનો મૌનથી મઢેલો સાથ અમે માણ્યો છે. એટલે અમારું 'સહજ સ્વરૂપ' આમ તો 'મૌનમય' જ હતું. પણ જનસંપર્કનો રોગ લાગુ પડતાં, લવારો, મિથ્યા બડાશોનો એક આખો દોર શરૂ થયો. જાતજાતના લોકો ને ભાતભાતની વાતો, એમાં બોલવાનું કંઈ, કરવાનું કંઈ, દંભ, છેતરપીંડી, ચાલાકી, આડંબરનો સળંગ સિલસિલો ! રજસ્-તમસ્‌ના નિત્ય ગૂંથાતાં જાળાં ! સાત્ત્વિકતા પર એક પછી એક ખડકાતાં આવરણો !

હવે એ દુઃસહ પળોજણમાંથી મુક્તિ ત્યારે જ મળે ત્યારે પ્રભુ પહેલાંની જેમ પલાંઠી વળાવે. અર્થાત્ જગત સાથેનો નિરર્થક ધાંધલ-ધમાલભર્યો નાતો તોડાવી ફરી જાત સાથેનો, મૂળ સ્વરૂપ સાથેનો નાતો બંધાવે.

પછી 'મા' બહુ સરસ રીતે, ભારે અનુનયથી વીનવતાં કહે છે. અમારું કહ્યું હવે આપ કરી લો. અમારી આખી કથનીમાં જે સંકટો-વિઘ્નો અમે વર્ણવ્યાં છે, તે અનાત્મની દિશામાં જ ખેંચી જનારાં છે. તે આપથી કયાં અજાણ્યાં છે ? તે સર્વ સંકટોને હરી લેવાની હે હરિ ! કૃપા કરો.

કાવ્યાન્તે 'મા' જ પોતાની માગણીમાં કેમ વજૂદ છે, મૌન

પ્રસાદ માટે આજીજી કરવાનું સાચું કારણ, એનો સ્પષ્ટ-સીધો ખુલાસો કરી દે છે. આ 'મૌનનો થાળ' આત્માનુસંધાનની એક યુક્તિ છે, પ્રભુને-શ્યામ સખાને પ્રસન્ન કરવા કૃતક વાણીના આભૂષણ-અલંકાર અર્થાત્ અનાત્માના પદાર્થો લઈને ન જ જવાય. પ્રભુને તો માત્ર આત્મનિષ્ઠ, સ્વરૂપસ્થિત જ રાખનારું મૌન જ ખપે. મૌનનો થાળ લઈને જ એ 'મૌનમય પ્રભુ' પાસે જવાય.

હવે છેલ્લી પંક્તિમાં તો કાવ્યમાં સળંગ રહેતી અનુનયની ભાષા અચાનક શાંત ક્રાંતિની જાણે મશાલ બની જઈ; પ્રેમાદેશનું રૂપ ધારણ કરી, 'વિસર્જનની વંશી વગાડો' એમ સીધું ઉદ્બોધન કરી જંપે છે.

અર્થ સ્પષ્ટ છે કે, વરવા વાણીનાં રૂપોનું જ્યાં સુધી સંપૂર્ણ વિસર્જન નહિ ત્યાં સુધી મૌનનું ગૌરવ-મૌનની ગરિમા પ્રગટ નહિ થાય. એટલે સઘળા શોરબકોર, કોલાહલ, સર્વ પ્રકારની અશાંતિ ઉપાધિ નષ્ટ કરી દો. ને છેક છેલ્લે તો 'મા' સીધું આહ્‌વાન કરે છે, પ્રભુને વાંસળી વગાડવા માટે એ શાંતિમય-પ્રસન્ન સૂર આગળ બધા 'મિથ્યા અવાજો' નાશ પામે, અને એની અસર હેઠળ જો 'મનુષ્ય નિદ્રાવશ થઈ ગયા હોય, એ અવાજોની તંદ્રામાં મનુષ્ય અટવાઈ ગયો હોય તો જાગી જાય, ચેતી જાય.'

પ્રભુ પાસે મૌન-પ્રસાદ, મૌનનો થાળ સર્જવાની શક્તિ છે તો સર્વ-ઘોંઘાટો-કોલાહલોને વિસર્જન કરવાની પણ શક્તિ છે જ. તેથી 'મા' પ્રભુને તેમની બંને શક્તિઓનો ઉપયોગ કરીને

કદાચ જો મા અર્થાત્ તમામ મનુષ્યો મિથ્યાતત્ત્વોના ઘેનમાં આવી ગયા હોય તો સત્વરે જાગી શકે.

આમ, 'અમોને મૌનપ્રસાદ ધરો' આત્મલક્ષી કાવ્ય જોતજોતામાં સર્વલક્ષિતા સિદ્ધ કરી રહે છે; અર્થાત્ આ કાવ્યની અનુભૂતિ 'મા' એક કવિયત્રીની છે, પણ એ સર્વાનુભૂતિ સુધી સહજ વિસ્તરે છે. મૌનના અભાવે મનુષ્યમાત્રના જે હાલહવાલ થયા છે, એ પોતાના મૂળ સ્વરૂપથી વિખૂટો પડી ગયો છે, પ્રભુ સુધી પહોંચવાનો રસ્તો ભૂલી જાય એટલી હદે ભટકી ગયો છે. તે પ્રભુના મૌન પ્રસાદથી પોતાના સહજ સ્વરૂપ સાથે અનુસંધિત થઈ શકે અને પ્રભુને પ્રસન્ન કરી શકે.

આખા કાવ્યનો મર્મ છેક છેલ્લે બહુ કલાત્મક રીતે સૂચિત થઈ, કાવ્યને એક ઊંચેરા સ્તરે મૂકી દે છે. કેમકે, વાણીના વિરૂપથી બચવા મૌન-પ્રસાદ પ્રભુ પાસે પામવાથી ઈચ્છા પોતાની મર્યાદાના પ્રક્ષાલન માટેની તો છે પણ વસ્તુતઃ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા, એ પ્રાપ્તિ અ-નિવાર્ય છે. મનુષ્યજીવનનો મહાનતમ ઉદ્દેશ્ય પ્રભુપ્રાપ્તિનો છે, એ માટે પ્રભુને પ્રાર્થના કરવાથી જ સિદ્ધ થઈ શકે એમ છે.

સાચે જ એક નાનકડા નિર્ઝર સમું લાગતું આ કાવ્ય કાવ્યકલાના એક વિશાળ સમુદ્રમાં અવગાહન કરાવી, આપણને સાર્વત્રિક, સર્વકાલીન 'સત્ય'ની પહેચાન કરાવી રહે છે. એમાં પૂ.શ્રી'મા'ની શબ્દાર્થ સિદ્ધિ ચેતનાના કેટલા ઊર્ધ્વતમ શિખરે વિરાજે છે, એનો આપણને આછો અંદાજ આવે છે.

**—સંકલન**

# ॥ આપણે બધા પ્રભુના અવતારો જ છીએ ॥

(‘અવતાર’ની વિશદ, નિર્ભ્રાન્ત સૂઝ)

વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં સંતોએ ઈશ્વરદર્શન કર્યા હોય. વારંવાર કર્યાં હોય એવાં ઉદાહરણો છે. પરંતુ ઈશ્વર સાથે સતત અનુસંધાન અને તે પણ ‘મા’ જગદંબાની સ્થૂળ શરીરરૂપે અવતરેલી શક્તિસ્વરૂપા ‘મા’ સર્વેશ્વરીની અહર્નિશ સંનિધિની અતિ વિરલ અનુભૂતિ જે પૂ.શ્રીયોગેશ્વરજીએ કરી એ અનન્ય ને અદ્‌ભુત હતી.

પોતે પૂર્વજન્મમાં શ્રીરામકૃષ્ણદેવ હતા એ જ્ઞાન તેઓશ્રીને ઈ.સ.૧૯૪૪માં થયું અને પછી વરસો સુધી એ જ્ઞાન જુદી જુદી રીતે થતું ગયું. પણ આ હકીકત એમણે ૩૩ વર્ષ પછી પોતાની આત્મકથા ‘પ્રકાશના પંથે’માં પ્રગટ કરી, એમ કહીને કે; ‘આ જ્ઞાન તો મને મારા લાભ માટે મળેલું છે. બીજા માને તેવો મારો આગ્રહ નથી. મેં તો મારા અનુભવનું આલેખન કર્યું છે એટલું જ. બીજાના માટેનો તો હું વર્તમાન જીવનમાં જે છું તે જ વધારે મહત્ત્વનું છે.’ મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું. એના મહત્ત્વના આધાર ઉપર મહત્ત્વ નથી બતાવવું.

દક્ષિણેશ્વરની યાત્રામાં પૂ.શ્રીયોગેશ્વરજી શ્રીરામકૃષ્ણદેવના ખંડમાં બેઠા તો એમના શરીરના રોમેરોમમાંથી શ્રીરામકૃષ્ણનાં સ્વરૂપો નીકળવા માંડ્યા. ત્યારે જગદંબાએ તેમને કહ્યું; ‘આવા હજારો રામકૃષ્ણદેવ હું સર્જી શકું છું. હું જ તમારા રૂપે આવી છું ને તે પણ મારું જ રૂપ હતું, તમે પણ મારું જ રૂપ છો.’

પૂ.શ્રીયોગેશ્વરજી આ સંદર્ભમાં લખે છે : ‘બહારનાં રૂપરંગ ફરે પણ અંદરનું સત્ત્વ તો રહે. શ્રી રામકૃષ્ણદેવની નવી આવૃત્તિ બહાર પડે તો એ હિમાલય કે પરદેશ ન જાય તેવું થોડું છે ?’

તેઓશ્રી અતિ વિશદતાથી, સંપૂર્ણ નિર્ભ્રાન્તિ કહે છે : ‘પ્રભુમાંથી અવતરણ પામેલા આપણે બધાં પ્રભુના અવતારો જ છીએ ને ?’

**—સંકલન**

**(‘પ્રકાશના પંથે’ પર આધારિત)**

## ॥ ચેતના ચેતનાને પકડી જ લે છે ॥

આ જીવનમાં કોણ જાણે કેટલાય આજસુધી આવી ગયા. તરંગોની જેમ જીવનસાગરમાં પ્રગટ્યા અને એમાં જ શાંત થઈ ગયા. આપણા પહેલાં કોણ જાણે કેટલાય જીવી ગયા. એમનું જીવવું નકામું તો ન જ ગયું હોય. જે જીવી ગયા એ આપણો 'વારસો' છે એ જ એમણે આપણને આપેલું દાન છે.

સોક્રેટિસ જીવી ગયા. સત્યનિષ્ઠાને માટે સહજતાથી ઝેરનો પ્યાલો પી જનારા સોક્રેટિસ. મૃત્યુને જોઈને એને આલિંગન આપનાર સોક્રેટિસ. આપના અને મારા પૂર્વજ છે. જે વ્યક્તિ પોતાનું મુખ સત્ય ભણી વાળશે, સોક્રેટિસની ચેતના આંગળી પકડી એને ચલાવશે. આપણે માત્ર સત્યની ઉન્મુખ જવાનું, બસ આટલું જ પગલું આપણે ઉઠાવવાનું છે. પછી અનંત ઐશ્વર્યવાળું એમનું જીવન મદદમાં દોડતું આવવાનું છે.

સત્ય જીવનારની સાથે ચાલવાનું જીવનને વ્યસન છે. જીવન ચિર પ્રતીક્ષામાં છે કે કોઈ જાગ્રત થાય, સત્યોન્મુખ બને, પ્રેમોન્મુખ બને તો એની સાથે ચાલું. એને ઠોકર વાગે તો હાથ આપીને ઉઠાડું, પ્રેમ કરું. જે જાગી જવા ચાહે છે એ ક્યાંય એકલો હોઈ શકે નહિ.

એ જ રીતે ભોગ ને ત્યાગની કડવાશ જેણે જોઈ લીધી, 'મધ્યમ માર્ગ' પર પાછા આવ્યા એની આંગળી પકડવા બુદ્ધ પોતે બેઠા છે. એમ ન સમજતા કે સિદ્ધાર્થ, શુદ્ધોધનના પુત્ર ગૌતમ આપનો હાથ આવીને પકડશે. 'એમની ચેતના આપની

ચેતનાને પકડશે.'

આપને પ્રેરણા મળે છે તો સમજી લો કે વિશ્વચેતનાએ આપની ચેતનાને પકડી છે.

## ॥ પ્રેમ અને સહજતા જીવનનું સ્વાસ્થ્ય છે ॥

વૈદિક ઋષિઓએ સૃષ્ટિના અંગેઅંગમાં વ્યાપ્ત ચેતનાનાં કિરણોને અંદર અને બહાર શોધ્યાં. એમની ઉપલબ્ધિઓ ક્યાંય નષ્ટ તો ન થઈ.

જીવનમાં કંઈ જ નાશ પામતું નથી. જે સાકાર છે એના આકાર તો બદલાય છે. નિરાકારનો આકાર નથી હોતો કે એનો લય થાય અને એમાં પરિવર્તન આવે. સગુણનું રૂપાંતર થાય છે. નિર્ગુણનો નાશ જ નથી.

માટે એ ઋષિઓની ઉપલબ્ધિઓ સૂક્ષ્મ જગતમાં ચૈતન્યના પ્રવાહરૂપે ઉપસ્થિત છે. આપ ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં રહો.

એમ ન સમજતા કે આપ નીકળી પડશો તો એકલા રહેશો, એકાકી રહેશો. સત્યની તરફ મુખ વાળનાર કદી એકલો રહ્યો નથી. માટે આપ અભય થઈ જાવ. 'જ્યાં ભયનો અભાવ છે એ અભય છે; નિર્ભયતા નહિ.' એટલે નિર્ભયતાના પાઠ શીખવાને બદલે 'ભયનું સ્વરૂપ' સમજો. 'અજ્ઞાત'નો ભય હોય છે જે અનુશાસનથી હટાવી શકાય છે. માનવ અંધકારથી ડરે છે કારણ કે આંખ પર ભરોસો છે, બહારની આંખો ને બુદ્ધિ પર ભરોસો છે. પણ જો જીવનમાં શ્રદ્ધા હોય તો અંધકારનો ને અજ્ઞાતનો

ભય નીકળી જાય છે.

આ વાત પુસ્તકોની નથી. પુસ્તકો વાંચ્યાં છે, શા માટે ન વાંચવાં ? કોઈએ પોતાનું જીવન કલમ પકડીને શબ્દોમાં લખી દીધું તો શા માટે ન વાંચવું ? પણ વાંચવામાં જે બંધાઈ જાય છે તે પંડિત. પણ શબ્દોના છોતરાં ઉતારીને અંદર જે ગર્ભ-રસ હતો એનું સેવન કરી લીધું એ પ્રેમી. પંડિતો ને પ્રેમીમાં આ જ તો ફરક છે. જ્ઞાનનો ભાર સહન થઈ શકતો નથી, કારણ કે આ યાત્રા સૂક્ષ્મ છે.

તો અભય અને શ્રદ્ધા સજગતાના સ્વાસ્થ્યમાં, પ્રેમાવસ્થામાં અગર સહજાવસ્થામાં આપને લઈ જશે, ત્યાં આયાસ નથી. પ્રેમ અને સહજતા જ જીવનનું સ્વાસ્થ્ય છે. એવા ‘સ્વસ્થ માનવ’ આપણે બનવાનું છે.

**–‘જીવનયોગ’**

**વિમલા ઠકાર**

**(અનુ.બચુભાઈ સુતરિયા)**

‘જેને તરસ લાગે તે ‘સત્યપથ’ પર આવે. કેટલાક પીને જતા રહે, કેટલાક બેસે. કેટલાક વારંવાર પીવા આવે. કેટલાકને તરસ ન હોય તો પણ આવે. કેટલાક વળી જોઈને જતા રહે. કેટલાકને ફક્ત માહિતીથી જ સંતોષ કે ત્યાં પરબ છે.’

**–શ્રી‘મા’ સર્વેશ્વરી**

# ॥ પ્રાસ્તાવિક ॥

## (પરમ ચૈતન્ય એક જ છે)

સંત શ્રીતૈલંગસ્વામી કહે છે તેમ; 'જેવી રીતે પ્રજ્વલિત અગ્નિમાંથી હજારો ચિનગારીઓ પ્રગટે છે તેમ પરમાત્મામાંથી' અસંખ્ય જીવોની સૃષ્ટિ ઉપન્ન થાય છે ને અંતે બ્રહ્મમાં સમાઈ જાય છે. મનને વશમાં રાખીને બ્રહ્મસ્વરૂપ બની શકાય છે. શ્રીરમણ મહર્ષિ સ્પષ્ટ માનતા કે; 'સાક્ષાત્કાર એટલે પ્રકાશમાં ભળી જવું એમ નહિ પણ સ્વયં પ્રકાશ જ થઈ જવું' આ ઉભય જ્ઞાનીઓનાં વચનોની ચરિતાર્થતા બ્રહ્મસ્વરૂપ શ્રીયોગેશ્વરજીમાં જણાય છે. એટલે જ હિમાલયના આ મહાન તપસ્વીને કોઈએ પૂછ્યું; 'હિમાલયમાં તમે કેટલી ઊંચાઈ સુધી પહોંચ્યા ?' તો એમણે કહ્યું; 'એ ફૂટપટ્ટીથી મપાય ? અમે તો 'પરમાત્માની ઊંચાઈ' સુધી પહોંચ્યા. સાથે એમ પણ કહ્યું; હિમાલયનિવાસી યોગેશ્વર કાઢી, વિશ્વનિવાસી લખો. જો કે, વિશ્વ તો પ્રભુનું એક જ ચરણ છે, એટલે એ પણ યોગ્ય નથી. 'ક્યાંય નહિ છતાં 'બધે નિવાસી' એમ લખો તો ચાલે.'

જોકે, આત્મચેતનાના ઉચ્ચતમ શિખરે આરૂઢ થઈ તે બેસી નથી રહ્યા, વિશ્વકલ્યાણનો આદર્શ હંમેશ નજર સમક્ષ રાખ્યો. કોઈ સંસ્થા કે સંપ્રદાય ઊભો કરી શિષ્યો-અનુયાયીઓનું મંડળ રચવા કદી પ્રયત્ન ન કર્યો. એમના જીવનનું એકમાત્ર કાર્ય સૂતેલા આત્માઓને જગાડવાનું રહ્યું. પ્રખર તપ તપી, ભગીરથ પુરુષાર્થને પરિણામે પ્રાપ્ત આંતરઐશ્વર્ય જગત સમક્ષ વિચાર-

વાણી-વર્તન-લેખન. સમગ્ર જીવન દ્વારા પ્રગટ કરવા અંતિમ શ્વાસ સુધી મથ્યા. એમનું તત્ત્વજ્ઞાન તેમજ અધ્યાત્મસમજ સંપૂર્ણ સત્યપરક અને વૈજ્ઞાનિક હતાં.

તેથી જ તેઓશ્રી અત્યંત સરળતાથી કહી શકે છે; 'અમે તો પૂર્વે પણ સંત હતા. બંગાળમાં ને તે પહેલાં મહારાષ્ટ્રમાં, તે પહેલાં પંજાબમાં. તેનું અનુસંધાન ચાલુ જ હતું.'—આપણે પૂ.શ્રીયોગેશ્વરજીના આ વિધાનના સંદર્ભમાં આદિ શંકરાચાર્ય, ગૌતમબુદ્ધ, ગુરુ નાનક, શ્રી જ્ઞાનેશ્વર, તેમજ શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવન-કાર્યને અવલોકીએ તો એમની 'આધ્યાત્મિક પ્રતિભા' વધારે સ્પષ્ટતયા સમજી શકીએ. એવા શુભ હેતુથી આ અંકમાં એ પાંચે સંતોની જીવનઝલક અર્પવા પ્રયત્ન કર્યો છે.' પરમ ચૈતન્ય એક જ છે એના આવિર્ભાવ અલગ અલગ હોઈ શકે; આ સત્ય સુધી પહોંચવા કોશિશ કરી છે.

**—સંકલન**

'પહેલાં ચેતના આરોહણ કરે છે, ત્યાં તે દિવ્ય વસ્તુને પકડે છે અને પછી તેને નીચે લઈ આવે છે. આ વ્યક્તિગત ઘટના છે. જ્યારે આ ઘટના સર્વસામાન્ય પ્રકારની ઘટનાની શક્યતાનું સર્જન કરવા માટે પર્યાપ્ત પુરવાર થાય ત્યાર પછી તે 'અવતરણ' રહેતું નથી, 'આવિર્ભાવ' બની જાય છે.'

**—શ્રીમાતાજી**

# ॥ ગૌતમ બુદ્ધ ॥

ભગવાન બુદ્ધ આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણા મહાન હતા. 'બુદ્ધ' એટલે જેને બોધ થઈ ગયો છે અથવા જેને ભગવાનનો પ્રકાશ પ્રાપ્ત થઈ ગયો છે.

માતાપિતાએ બુદ્ધનું નામ સિદ્ધાર્થ રાખ્યું હતું અને એમનું ગોત્ર હતું ગૌતમ. તેથી તેઓશ્રી 'ગૌતમ બુદ્ધ' તરીકે પ્રસિદ્ધ છે.

બાળપણથી જ ભગવાન બુદ્ધની ધર્મ તરફ અભિરુચિ અને પ્રવૃત્તિ હતી. તે નાનપણથી જ સમસ્ત પ્રાણીઓ પરત્વે દયાનો ભાવ ધારતા હતા. આ રાજકુમાર વિરકત અને સંસારત્યાગી થઈ જશે એવું લોકોને લાગ્યું હતું અને વૃદ્ધ, રોગી, શબ અને યતિ (સંન્યાસી) આ ચાર દૃશ્યોને જોઈને એમની વિરક્તિ તીવ્ર બની. રાજાએ એને ઘરના પ્રેમપાશમાં બાંધવાના બધા ઉપાય કર્યા. એને માટે સંસારની સઘળી ભોગસામગ્રી ખડી કરી દીધી. પરંતુ ભાગ્યનું વિધાન કંઈ જુદું જ હતું.

સ્વામીભક્ત સારથિના રથમાં બેસીને એણે આ બધાં દૃશ્યો એક પછી એક જોયાં. એ દિવસોમાં જ પત્ની યશોધરાએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ વિચાર્યું કે ગૌતમ માટે આ બંધન તોડવું દુષ્કર થશે. પરંતુ ગૌતમબુદ્ધ તો આ વિઘ્ન હટાવી એક દિવસ રાત્રિને સમયે રાજપ્રાસાદમાંથી નીકળી, પોતાના પ્રિય ઘોડા પર સવાર થઈને સારથિ છંદની સાથે અનોમા નદીના તીર પર પહોંચ્યા. આ રીતે સાંસારિક બંધનમાં બાંધનારાં રાજ્ય, સંપત્તિ, સ્ત્રી અને પુત્ર તેમણે ત્યાગી દીધાં. જ્ઞાન અને સત્યનું અન્વેષણ

કર્યું. અલબત્ત, આ માર્ગે એમને ભારે કષ્ટો સહન કરવાનાં આવ્યાં. પરંતુ જરાક પણ નિરાશ થયા વિના સત્યની ખોજમાં કટિબદ્ધ રહ્યા. સર્વ બાહ્ય આક્રમણો સામે અચલ રહીને છેવટે તેમને 'સત્યનું દર્શન' થયું. એમના પર માનો એક 'અકલ્પ્ય શાંતિ'નું પૂર આવી ગયું, એનું નામ એમણે 'નિર્વાણ' રાખ્યું.

જે પીપળાના વૃક્ષ નીચે ગૌતમને ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત થયું તે 'બોધિવૃક્ષ' અર્થાત્ 'જ્ઞાનના વૃક્ષ'ના નામથી પ્રસિદ્ધ થયું. તેઓશ્રી વારાણસીથી ત્રણ માઈલ દૂર આવેલા સારનાથ નામક વિખ્યાત એક અરણ્યમાં ગયા અને ત્યાં રહીને તેમણે 'ચાર સત્યો'નો પ્રચાર કર્યો. સાથે જ એમણે 'આર્ય અષ્ટાંગમાર્ગ'નો પણ ઉપદેશ આપ્યો, જેનું પાલન એમના પ્રત્યેક અનુયાયી માટે આવશ્યક છે.

એ 'ચાર સત્ય' છે.

૧. વસ્તુમાત્ર ક્ષણિક અને દુઃખરૂપ છે.

૨. સંસારના ક્ષણિક પદાર્થોની તૃષ્ણા જ દુઃખોનું મૂળ છે.

૩. તૃષ્ણાનો નાશ થવાથી દુઃખોનો અંત આવે છે.

૪. માનવહૃદયમાંથી અહંભાવ અને રાગદ્વેષ સંપૂર્ણતઃ નષ્ટ થઈ જતાં નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

'આર્ય અષ્ટાંગમાર્ગ' છે :–

૧. સત્ય, વિશ્વાસ

૨. નમ્ર વચન

૩. ઉચ્ચ લક્ષ્ય

૪. સદાચરણ

૫. સદ્‌વૃત્તિ

૬. સદ્‌ગુણોમાં સ્થિર થવું

૭. બુદ્ધિનો સદ્‌ઉપયોગ

૮. સદ્‌ધ્યાન

ભગવાન બુદ્ધે જીવનભર કષ્ટો સહન કર્યા અને આપત્તિઓનો સામનો કર્યો. ચાળીસમે વર્ષે જ્યારે એમની શક્તિ ક્ષીણ થવા લાગી ત્યારે તેમના શિષ્યોએ સર્વસંમતિથી આનંદને હંમેશ એમની પાસે રહેવા નિયુક્ત કર્યો. આનંદે પણ એમને છેક સુધી સાથ આપ્યો.

આ મહાપુરુષે ૮૦ વર્ષની વયે કુશીનગરમાં સંસારથી કૂચ કરી. ત્યાંના લોકોએ રથયાત્રા કરાવી અને વિધિપૂર્વક અંત્યેષ્ટિ ક્રિયા કરી. એમની અસ્થિઓનું સન્માન કોઈ રાજાધિરાજના અસ્થિઓથી ઓછું નહોતું થયું.

જ્યાં જ્યાં ભગવાન બુદ્ધની નામના હતી ત્યાં ત્યાં એમની સ્મૃતિ જાળવી રાખવાની લોકોની ખૂબ ઈચ્છા હતી. એમના દેહની ભસ્મ માટે સર્વ દિશાએથી માગણી આવવા લાગી. પરિણામસ્વરૂપે એ ભસ્મના આઠ ભાગ કરાયા અને દેશના જુદા જુદા ભાગોમાં એમના સ્મારકો બનાવાયા.

**—શ્રી ઠાકુર કેદારનાથ**

**('ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ' લેખમાંથી સારસંચય)**

# ॥ શ્રીશંકરાચાર્ય ॥

એક આઠ વરસનો બાળક નર્મદા નદીને કિનારે એક ગુફા આગળ આવીને ઊભો છે. ગુફામાં એક મહાન યોગી રહે છે. એ મહાયોગી પૂછે છે કોણ આવ્યું છે ? આ બાળક કહે છે; 'આપનું પ્રતિબિંબ આવ્યું છે.' યોગીજીએ પ્રતિપ્રશ્ન કર્યો; 'પ્રતિબિંબ અહીં શા માટે આવ્યું છે ?' બાળકે ઉત્તર આપ્યો; 'અસલનાં દર્શન માટે.' આ સાંભળતાં જ યોગીજી તરત જ ઊભા થઈને ગુફા બહાર આવ્યા અને બાળકને દંડવત્ પ્રણામ કર્યા. બાળકે કહ્યું; 'ભગવન્ હું આપનો શિષ્ય થવા આવ્યો છું.' મહાયોગીને થયું; જે સ્વતઃ જ્ઞાની છે એને હું શું શીખવવાનો ! તેમણે બાળકને સંન્યાસદીક્ષા આપી અને કહ્યું; 'તું માત્ર શીખવા જ નહિ, મને પણ કંઈક શીખવવા આવ્યો છે.' આમાં શિષ્ય હતા શંકરાચાર્ય અને ગુરુ હતા મહાયોગી ગોવિંદ ભગવદ્પાદ.

આદિ શંકરાચાર્ય તરીકે પ્રસિદ્ધ આ શંકરનો જન્મ દક્ષિણ ભારતના કેરળમાં કાલાડી ગામમાં નામ્બુદ્રી બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ.૭૮૮માં થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યમ્બા હતું. પિતાની છત્રછાયા ગુમાવનાર પાંચ વર્ષના બાળકને ઉપનયન સંસ્કાર આપીને ગુરુઘેર અભ્યાસ માટે મોકલવામાં આવ્યા. આઠ વરસના થતાં સુધીમાં તો તેમણે વેદ-વેદાંતનો અભ્યાસ પૂર્ણ કર્યો.

એક દિવસ નદીમાં નાહવા પડેલ શંકરનો પગ મગરે પકડ્યો. શંકરે માતાને હાક પાડી કહ્યું; 'આ મગરના મુખમાંથી હું બચીશ નહિ. અંત સમયે સંન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે તો તું મને સંન્યાસ દીક્ષાની રજા આપ.' અશ્રુપાત કરતી માતાએ સંન્યાસની રજા આપી અને મગરે તેમનો પગ છોડી દીધો. શંકરના મહાભિનિષ્ક્રમણ સમયે માએ વચન માગ્યું; 'મારા મૃત્યુની અંત્યેષ્ટિક્રિયા તારે જ કરવી.'

કહેવાય છે કે; શંકરને પોતાની દિવ્ય દૃષ્ટિથી માના મૃત્યુશય્યા પર હોવાની ખબર પડી. શંકર મા પાસે પહોંચ્યા. માએ કહ્યું 'સગુણ-નિર્ગુણ હું કાંઈ ન સમજું ! મારો મોક્ષ થાય એમ કર' ને શંકરે 'કૃષ્ણાષ્ટકમ્' સ્તોત્રના ગાનથી માતાને જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત કરાવ્યાં. એક સંન્યાસી માતાના દેહને અગ્નિસંસ્કાર ન કરી શકે એ રૂઢિને કારણે કોઈએ માની આ વિધિમાં સહકાર આપ્યો નહિ. ત્યારે શંકરે પોતાની યોગશક્તિથી ઘર આગળ જ અગ્નિ પેટાવી, માતાને અગ્નિદાહ દીધો.'

આચાર્ય શંકરે ભારતવર્ષની ચારે દિશામાં ચાર મઠ સ્થાપ્યા હતા. વેદાંતનો પ્રચાર ને પ્રસાર એમનો મુખ્ય ઉદ્દેશ હતો.

એમના જીવનમાં કેટલીક અલૌકિક ઘટનાઓ ઘટી હતી. એકવાર શંકરાચાર્ય શિષ્યો સાથે ગંગાસ્નાન કરવા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ચાર કૂતરાઓને લઈને એક ચંડાલ આવી રહ્યો હતો. તેમને એક બાજુ લઈ જવા શંકરે કહ્યું; પણ ચાંડાલે તે ન ગણકારતાં આચાર્ય ઉત્તેજિત થઈ બોલ્યા. 'અરે ઊભા રહો. અમારો રસ્તો છોડી દો.'

ચંડાલે શંકરની વાત સાંભળી ન સાંભળી કરી અને અટ્ટહાસ્ય સાથે કહ્યું; 'તમે કોને હટી જવાનું કહો છો ? આત્માને કે દેહને ? શું તત્ત્વદૃષ્ટિથી બ્રાહ્મણ અને ચંડાળમાં કોઈ ભેદ ખરો ! શું આ જ તમારું બ્રહ્મજ્ઞાન ?'

ચંડાલના જ્ઞાનગર્ભ વચનો સાંભળી શંકરાચાર્ય સ્તબ્ધ અને લજ્જિત થઈ ગયા. એમને થયું કે, ચોક્કસ આ દેવલીલા છે. ને તરત જ હાથ જોડી સ્તુતિ શરૂ કરી. 'જે સર્વભૂતો પ્રતિ સમજ્ઞાની છે. તદ્નુરૂપ જેનો વ્યવહાર છે એ જ મારા ગુરુ. એમના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.'

ત્યાં જ કૂતરા-ચંડાળ અદૃશ્ય થઈ ગયા. આચાર્યે જોયું કે,

અગ્નિ સમાન દિવ્યપુરુષ મહાદેવ ચારે વેદ હાથમાં લઈને એમની સન્મુખ બિરાજમાન છે ! ત્યારે આચાર્ય શંકરે ભક્તિગદ્‌ગદ્‌ ચિત્તથી તેમની સ્તુતિ કરી. એ સ્તુતિ સાંભળી મહેશ્વરે શંકરના મસ્તક પર હાથ રાખીને કહ્યું; 'વત્સ, હું પ્રસન્ન થયો છું. હું તમારા દ્વારા વૈદિક ધર્મની પુનઃપ્રતિષ્ઠા થાય એમ ઇચ્છું છું. જગતના સર્વવિધ કલ્યાણ માટે જ તમે મારા અંશમાંથી જન્મ ગ્રહણ કર્યો છે.'

બીજો એક પ્રસંગ પણ અતિ વિશિષ્ટ છે : એક દિવસ શંકરાચાર્ય કાશીની એક શેરીમાંથી પસાર થતા હતા ત્યારે તેમણે એક પંડિતને મોટેથી વ્યાકરણના નિયમોનો પાઠ કરતો સાંભળ્યો. એ પંડિતને સંબોધી તેમણે કહ્યું; 'અલ્યા, વ્યાકરણ પાછળ શું કરવા સમય બગાડે છે ? અંતકાળે આ વ્યાકરણ તને બચાવી શકશે નહિ.' આ પ્રસંગ પરથી શંકરાચાર્યે 'ચર્પટપંજરિકા' સ્તોત્ર રચ્યું, જે 'ભજગોવિંદમ્‌' સ્તોત્ર નામે પ્રસિદ્ધ થયું.

એક પ્રસંગ એક અબળાને દેવીમૂર્તિ આગળ બલિ ચઢાવવાની કાપાલિકાની તૈયારીનો છે. શ્રીશંકરાચાર્યે સમજાવવા છતાં તે ન માન્યો તેથી તેમણે દેવીમૂર્તિને ઉપાડી, જમીન પર પછાડી, તેના ટુકડે ટુકડા કરી નાખ્યા. પછી ત્રાડ પાડીને કહ્યું; 'તું દેવીને શું સમજે છે ? દેવી જગતજનની કહેવાય. જે મા હોય તે કંઈ લોહીતરસી ન હોય. તને સમજાતું ન હોય તો હે મૂર્ખ ! કહે તારી લોહીતરસી દેવીને કે, મારું લોહી પીએ.' એ સાંભળતાં જ કાપાલિક શસ્ત્ર છોડી પલાયન થઈ ગયો. નત્‌ મસ્તકે ઊભેલી ભીરુ સ્ત્રી, અભય બની શ્રીશંકરને નમન કરી ચાલી નીકળી.

ગંગાસ્તોત્રની રચના કરનાર શ્રીશંકરે ગંગોત્રીથી ગોમુખ યાત્રા કરવા અસમર્થ યાત્રાળુઓ માટે ગંગોત્રીમાં જ મંદિરનું નિર્માણ કરી, એમાં શિવલિંગ અને ગંગાદેવીની મૂર્તિ પ્રતિષ્ઠિત

કરવાનો સંકલ્પ કર્યો. એમણે એ મંદિરની સ્વયં પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

શ્રી શંકરાચાર્યે ભારતની ત્રણ વાર પરિક્રમા કરી હતી. તેમણે 'આધ્યાત્મિક દિગ્વિજય' કર્યો. કાશ્મીરમાં શારદાદેવીના મંદિરમાં અનેક સંપ્રદાયોના વિદ્વાનો સાથે ચર્ચામાં ઊતરીને બધાયનાં મનનું સમાધાન કરી, અદ્વૈતનું સમર્થન કર્યું. મંદિરની સર્વપીઠ પર તેઓશ્રી બિરાજતા અને પંડિતોએ તેમનો જયજયકાર કર્યો. બદરીકેદારથી રામેશ્વર અને દ્વારિકાથી જગન્નાથપુરી સુધી યાત્રા કરી, ધર્મમાં નવો પ્રાણ પૂર્યો અને તેમાં પેસી ગયેલાં દૂષણો દૂર કર્યાં. ધાર્મિક એકતાના પ્રતીક તરીકે તેમણે પંચાયતન દેવની પૂજા પ્રચલિત કરી. બદરીનાથના મંદિરમાં ભગવાન નારાયણની પ્રતિમા પધરાવી. તિરુપતિમાં ભગવાન વ્યંકટેશ્વરના મંદિરમાં ધનાકર્ષણ યંત્રની સ્થાપના કરી. શ્રીરંગમ્‌ના શ્રીરંગનાથ મંદિરમાં જનાકર્ષણ યંત્રની સ્થાપના કરી.

શ્રી શંકરાચાર્યને નામે નેવું જેટલી કૃતિઓ ચઢાવાઈ છે. તેમનાં ભાષ્યોમાં બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, ગીતા, વિષ્ણુસહસ્રનામ પ્રસિદ્ધ છે. મૌલિક કૃતિઓમાં વિવેકચૂડામણિ, અપરોક્ષાનુભૂતિમાં વેદાંતદર્શન અને જ્ઞાનયોગનું પ્રતિપાદન છે.

સ્તોત્રોમાં દક્ષિણામૂર્તિ, ચર્પટપંજરિકા સાધનપંચકમ્, ષટ્‌પદી ને ભવાન્યષ્ટકમ્ પ્રચલિત છે.

શ્રી શંકરાચાર્યે જીવનના અંતિમ દિવસો કાંચીમાં વિતાવ્યા. ઈ.સ.૮૨૦માં સ્વરૂપમાં લીન થઈ ગયા; એ સમયે શિષ્યોને કહ્યું; 'જ્યાં સુધી શરીરમાં રહો ત્યાં સુધી વૈદિક ધર્મનો પ્રચાર કરતા રહેજો. તમે લોકો બ્રહ્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહો.'

**—શ્રીકાર્તિકેય ભટ્ટ**

(ગુરુવિભાવના)

# ॥ શ્રીજ્ઞાનેશ્વર ॥

શ્રી જ્ઞાનેશ્વરનો જન્મ સંવત ૧૯૩૨માં થયો હતો. એ પાંચ વર્ષના હતા ત્યારે એમના માતાપિતાએ ધર્મ-મર્યાદાની રક્ષા માટે ત્રિવેણી સંગમમાં પોતાનો દેહ ત્યાગી દીધો. આમ નિવૃત્તિનાથ, સોપાન, મુક્તા સાથે આ જ્ઞાનેશ્વર બાળપણમાં જ માતાપિતા વિનાનાં થઈ ગયાં. પરંતુ એમનાં ચરિત્ર જોતાં લાગે છે કે બાહ્ય રીતે અનાથોની અવસ્થામાં નાથોના નાથ-સકલલોકનાથનું કાર્ય કરવા માટે જ એમના અંશમાંથી જાણે પ્રગટ્યાં હતાં. આ બાળકો ભિક્ષામાં અન્ન માગી લાવતાં અને સદા ભગવદ્‌ભજન, ભગવત્કથાકીર્તન, ભગવદ્‌ચર્ચાઓમાં પોતાનો સમય વ્યતીત કરતાં.

આ સન્યાસીના બાળકોના ઉપનયન સંસ્કાર માટે આલંદીના બ્રાહ્મણો તૈયાર ન હતા પણ વિઠ્ઠલપંત તથા રુકિમણીબાઈના અલૌકિક દેહવિસર્જનની ઘટનાનો એમના પર ઘેરો પ્રભાવ પડ્યો. તેમણે આ બાળકોને પૈઠણ જવાની સલાહ આપી. તેથી તેઓ પદયાત્રા કરી, સંકીર્તન કરતા પૈઠણ પહોંચ્યા. પરંતુ સભામાં નિશ્ચય થયો કે; 'આ બાળકોની શુદ્ધિ કોઈ રીતે થઈ શકે એમ નથી. કેવળ એક ઉપાય છે કે, આ લોકો કૂતરા, ચંડાલ અને ગાય સાથે સર્વને જમીન પર સૂઈને પ્રણામ કરે અને આ પ્રકારની ભગવાનની અનન્ય ભક્તિ કરે.' સભાના આ નિર્ણયને ચારે ભાઈબહેને માન્ય રાખ્યો. ત્યાંથી પાછા ફરતાં ચારે જણની મશ્કરી દુર્જનોએ શરૂ કરી દીધી. કોઈએ પૂછ્યું; 'તમારું નામ શું છે ?' ઉત્તર મળ્યો; 'જ્ઞાનદેવ'. પાસે જ એક પાડો હતો

તેની તરફ સંકેત કરતાં એ માણસે કહ્યું; 'અહીં તો આ જ જ્ઞાનદેવ છે. દિવસભર બિચારો જ્ઞાનનો બોજો વેંઢારે છે. કહો દેવતા, શું આપ પણ એવા જ જ્ઞાનદેવ છો ?' જ્ઞાનદેવે કહ્યું; 'હા, હા એમાં સંદેહ જ કયાં છે ? આ તો મારો જ આત્મા છે. આ અને મારામાં કોઈ ભેદ નથી. આ સાંભળીને કોઈએ મશ્કરી કરવા પાડાની પીઠ પર સોટી સટાસટ લગાવી દીધી. અને જ્ઞાનવદેવને પૂછ્યું; આ સોટી તમને તો જરૂર વાગી હશે.' જ્ઞાનદેવે કહ્યું 'હા' ને પોતાની પીઠ-બરડો બતાવ્યો તો તેના પર સોળ ઊઠી હતી ! ત્યાં એક બ્રાહ્મણદેવતા બોલ્યા : 'જો આ પાડો તમારા જેવો જ હોય તો તમે જેવી જ્ઞાનની વાતો કરો છો તેવી આની પાસે પણ કહેવડાવો. જ્ઞાનદેવે પાડાની પીઠ પર હાથ મૂક્યો તો પાડો 'ૐ'નું ઉચ્ચારણ કરી, વેદમંત્રનો ઉચ્ચાર કરવા લાગ્યો.' બ્રાહ્મણો ચકિત થઈ ગયા. હવે એ લોકોએ જાણ્યું કે, આ કોઈ સાધારણ મનુષ્ય નથી, કોઈ મહાત્મા છે. ભગવાનની વિભૂતિ છે. સૌએ તેમની ચરણવંદના કરી, જયજયકાર કર્યો. જ્ઞાનદેવે બ્રાહ્મણોને કહ્યું; 'આ બધો આપ લોકોનો ચરણોનો પ્રતાપ છે. હું તો એક ક્ષુદ્ર બાળક છું.'

એક દિવસ એક બ્રાહ્મણને ઘેર શ્રાદ્ધના અવસર પર જ્ઞાનેશ્વરે ધ્યાન કરીને 'આગન્તવ્યમ્' કહીને એના પિતૃઓને સશરીર બોલાવી લીધા અને ભોજન કરાવ્યું. તેથી આ પ્રકારનું અદ્‌ભુત સામર્થ્ય અને વિનય જોઈને પૈઠણના બ્રાહ્મણો એના પર મુગ્ધ થઈ ગયા. અને એમની પાસે આવી આવીને ભગવદ્ કીર્તન અને ભગવત્કથા શ્રવણ કરવા લાગ્યા. બહુ નમ્રતાથી ધર્મજ્ઞ બ્રાહ્મણોએ તેમને 'શુદ્ધિપત્ર' લખી આપ્યું. આ પછી થોડો

સમય ચારે ભાઈબહેન પૈઠણ જ રહ્યા.

નિવાસે પાછા ફર્યા બાદ જ્ઞાનેશ્વરે સદ્‌ગુરુ નિવૃત્તિનાથની સામે ગીતાનું સ્વાનુભૂત ભાષ્ય કહેવું શરૂ કર્યું. એ સમયે નિવૃત્તિનાથ સત્તરના, જ્ઞાનેશ્વર પંદર વર્ષના, સોપાન તેર અને મુક્તા અગિયાર વર્ષની હતી. 'ગીતા પર અનેક ભાષ્યો છે પણ આટલું સર્વાંગસુંદર, અનન્ય અને અદ્વિતીય ભાષ્ય બીજું નથી.'

ત્યારબાદ જ્ઞાનેશ્વરે તીર્થયાત્રા કરી. આ યાત્રામાં અનેક સંતો સાથે જોડાયા. પંઢરપુર જતાં તેમને શ્રીવિઠ્ઠલ ભગવાનનાં દર્શન થયાં. ત્યાં નામદેવનો સાથ થઈ ગયો. આ પછી જ્ઞાનેશ્વરે અનેક સ્થાનોમાં અનેક ચમત્કારો બતાવી, જ્ઞાનોપદેશ દ્વારા અસંખ્ય મનુષ્યોનો ઉદ્ધાર કર્યો. ઉજ્જૈન, પ્રયાગ, કાશી ગયા. અયોધ્યા, ગોકુલ, વૃંદાવન, દ્વારકા, ગિરનાર આદિ તીર્થોનું પરિભ્રમણ કરી પાછા પંઢરપુર આવી ગયા. આ ચારેય ભાઈબહેનનો યશ સર્વત્ર પ્રસર્યો અને સર્વ દિશાઓમાંથી આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, તથા જ્ઞાની ભગવદ્‌ભક્તો, સાધકો એમનાં દર્શન માટે ઉમટવા માંડ્યા. એક દિવસ મહાકીર્તવંત મહાત્મા ચાંગદેવ પણ તેમના શરણે આવ્યા.

કુલ એકવીસ વર્ષ, ત્રણ માસ અને પાંચ દિવસની અલ્પાવસ્થામાં સંવત ૧૩૪૩માં શ્રી જ્ઞાનેશ્વરે 'જીવિત સમાધિ' લઈ લીધી.

તેમના ચાર ગ્રંથ : ભાવાર્થદીપિકા-જ્ઞાનેશ્વરી, અમૃતાનુભવ હરિપાઠના અભંગ, ચાંગદેવ-પાસઠી અતિ પ્રસિદ્ધ છે.

**—સંકલન**

# ॥ શ્રીનાનક ॥

શીખધર્મના આચાર્ય, અજ્ઞાનના વિનાશક, સૂર્યસ્વરૂપ શ્રીનાનકનો જન્મ શઈભોઈના તલવંડી ગામમાં પિતા કાલૂચંદ માતા તૃપ્તાજી પટવારીના ઘરે ૧૫ એપ્રિલ, ૧૪૬૯માં થયો હતો.

ગુરુ નાનક નાનપણથી જ શાંત સ્વભાવના હતા. તેમને એકાંત પસંદ હતું. એકવાર માતાના અતિ આગ્રહને વશ થઈને તે બહાર બાળકો સાથે રમવા ગયા. તેમણે કહ્યું; 'તમે એકના એક પુરાણા ખેલ ખેલ્યા કરો છો કે નવી રમત રમવા ચાહો છો ? બધાએ નવી રમત રમવા કહ્યું. તેથી તેમણે બધાં બાળકોને પદ્માસનમાં વર્તુળાકાર બેસાડ્યા અને કહ્યું; મનમાં ને મનમાં તમે 'સત્યકર્તાર' 'સત્યકર્તાર' બોલવાનું ચાલુ રાખો. થોડીવાર પછી નાનકનાં માતાજી બહાર આવ્યાં ને બધાં બાળકોને ચૂપચાપ બેઠેલાં જોઈ વિસ્મય પામ્યાં.'

પિતાજીએ તેમને પહેલાં ગોપાલ પંડિત પાસે હિન્દી ભણવા, વ્રજલાલ પંડિત પાસે સંસ્કૃત માટે અને કુતુબદીન મૌલવી પાસે ફારસીનો અભ્યાસ કરાવવા બેસાડ્યા. પણ આ ત્રણે વિદ્વાનોને નાનકે પોતાના આત્મિક બળ દ્વારા શિષ્ય બનાવી દીધા ! સાથે સમજાવ્યું કે; વિદ્યાનું તત્ત્વ જાણ્યા વિના ભણેલા ગણેલો માણસ પણ મૂર્ખ છે.

નાનકજી સદૈવ હરિચિંતનમાં ગરકાવ રહેતા અને કોઈ કામ, વ્યવહાર તરફ ધ્યાન આપતા નહિ. એકવાર પિતાજીએ થોડા રૂપિયા આપી કહ્યું; 'કોઈ મોટો સોદો કરી આવ.' રસ્તામાં ભૂખ્યા વિદ્વાન સંત મળ્યા તો તેમણે તે બધા રૂપિયા તેમને ખાવાપીવાનો સામાન લેવા આપી દીધા. ઘેર જઈને પિતાજીને

કહ્યું; આજે મેં જે સોદો કર્યો છે તેનાથી વધારે 'સાચો સોદો' કોઈ કરી જ ના શકે. એ વાતથી પિતાજી બહુ ગુસ્સે થયા, એમને માર્યા પણ ખરા. એનાથી એમની નાની બેનને બહુ દુઃખ થયું. કેમકે તે પોતાના ભાઈને સાક્ષાત્ ઈશ્વર માનતી હતી. તે પોતાના પતિને કહીને નાનકજીને પોતાની સાથે સુલતાનપુર લઈ આવી. ત્યાં બધા લોકોના કહેવાથી દોલતખાં લોદીને ત્યાં મોદીખાનાની સેવા સંભાળી લીધી.

બે વર્ષ પછી તેમનાં લગ્ન સુલક્ષણીદેવી સાથે કરાવ્યાં તેનાથી તેમને શ્રીચન્દ્ર અને લક્ષ્મીદાસ બે સુપુત્રો પ્રાપ્ત થયા.

નાનકજી સેવા મોદીખાનાની કરતા પણ એમનું મન તો સદા ઈશ્વરમય જ રહેતું. કેટલોય સામાન મફતમાં વહેંચી દેતા. પરંતુ હિસાબ-કિતાબ બધું બરાબર ચાલતું કોઈ ઘટ ન આવતી. એક દિવસ લોટ તોળતાં એક, બે ત્રણ એમ ગણતાં ગણતાં 'તેર' પર પહોંચ્યા તો બધી ગણતરી ભૂલી ગયા અને 'તેરા તેરા' કહેતાં. બધો લોટ તોળી કાઢ્યો ! ને મોદીખાનાનું કામ છોડી દીધું. જો કોઈ પૂછતું તો કહેતા; 'ન કોઈ હિન્દુ ન કોઈ મુસલમાન.' આ શબ્દો તેમના મુખમાંથી એવા વેગથી આવતા કે લોકો ચકિત થઈ જતા.

વાત એ હતી કે, નાનક હવે કેવળ 'નાનક' જ ન હતા. તે હવે 'ગુરુ નાનક' બની ગયા હતા. એકદમ એમને નિશ્ચય થયો કે, પોતાના અંતઃ પ્રકાશથી જગતના અંધકારનો વિનાશ કરવો આવશ્યક છે. ઘરે બેસીને ઉપદેશ આપવાથી સંસાર પર ઉપકાર નહિ થઈ શકે. એટલે ઈર્ષ્યા, દ્વેષ, વેર, વિરોધ આદિ આગથી બળતી સૃષ્ટિને ઈશ્વરના અમૃત નામની વર્ષા દ્વારા શાંતિ પ્રદાન કરવા તેમણે દેશાટન આરંભ્યું.

ગુરુ નાનકજીની ઉપદેશ કરવાની રીતિ વિચિત્ર અને નવીન હતી. એ એવી રીતે ઉપદેશ આપતા કે જે વીજળી જેવો પ્રભાવક

રહેતો. મક્કા પહોંચીને તે કાબા બાજુ પગ કરીને સૂઈ ગયા. જ્યારે કાજી રોષે ભરાયો ત્યારે તેમણે કહ્યું; 'કાજીજી, જ્યાં અલ્લાહનું ઘર ન હોય ત્યાં મારા પગ કરી દો. કહેવાય છે કાજીએ ગુરુજીના પગ જે બાજુ ફેરવ્યા, કાબા પણ એ બાજુ ફરી ગયો !'

પૂરાં પચ્ચીસ વર્ષ દેશભરમાં પરિભ્રમણ કર્યા પછી ગુરુ નાનકે કર્તારિપુરમાં પાછા આવી ભક્તિરસના સદાવ્રતની સાથે અન્નનું લંગર પણ બધા લોકો માટે ચાલુ રાખ્યું. પોતાની આચાર્યપદવીનો અધિકાર પોતાના પુત્રને નહિ પણ યોગ્ય શિષ્ય શ્રીઅંગદજીને આપી.

૧૪૩૯માં એમનો દેહ શાંત થઈ ગયો. સીત્તેરમે વર્ષે એમના અંતિમ સંસ્કાર માટે શીખ-હિન્દુ-મુસલમાનમાં પરસ્પર વિવાદ થયો. કારણ કે બધા તેમને પોતાના ગુરુ કે પીર માનતા હતા.

પરંતુ અંતે ગુરુજી પરથી વસ્ત્ર હટાવવામાં આવ્યું તો ત્યાં તેમનું શરીર હતું જ નહિ. તેથી અરધું વસ્ત્ર લઈ મુસલમાનોએ કબર બનાવી અને બીજું અરધું વસ્ત્ર લઈ શીખો-હિન્દુઓએ અગ્નિસંસ્કાર કર્યા.

શ્રીગુરુ નાનકજીનું સમગ્ર ઉચ્ચરિત-લિખિત સાહિત્ય શ્રીગુરુ અર્જુનદેવજીની કૃપાથી 'શ્રીગુરુગ્રંથસાહેબ'માં સંકલિત છે. એ વાંચતાં જણાય છે કે, શ્રીગુરુ નાનકજીએ પોતાના ઈશ્વરીય જ્ઞાનથી બધા ધર્મોને એક સીધા માર્ગ પર રહેવા સૂચવ્યું છે.

'અંતરિ બસે, ન બાહરિ જાઈ
અમૃતુ છોડિ, કાહે વિષ ખાઈ.'

✽

'હમ નહિ ચંગે, બુરા નહિ કોઈ
પ્રણવતિ નાનકુ તારે સોઈ.'

—સંકલન

# ॥ શ્રીરામકૃષ્ણ પરમહંસ ॥

આધુનિક ભારતના ‘સંતશિરોમણિ’ શ્રીરામકૃષ્ણનો જન્મ ૧૭ ફેબ્રુ. ૧૮૩૬માં બંગાળના હુગલી જિલ્લાના ‘કામારપુકુર’ ગામમાં થયો હતો. એમનું ઘરનું નામ ગદાધર હતું. તેમનાં માતાપિતા ઈશ્વરપ્રેમી હતાં.

શ્રીરામકૃષ્ણ તદ્દન નિરક્ષર છતાં પૂર્ણ જ્ઞાની હતા. બધાં જ ધર્મોના અનુયાયીઓને આદર આપે. એમનો સદુપદેશ જોતજોતામાં વિશ્વના ખૂણેખૂણે ફેલાઈ ગયો. પ્રસિદ્ધ તત્ત્વચિંતક રોમાંરોલાએ કહ્યું હતું : ‘જે માણસ વ્યાવહારિક બુદ્ધિમાં અસામાન્ય ન હતો તે શી રીતે આધ્યાત્મિક જગતમાં સર્વધર્મનો સંદેશ સાંભળાવી શક્યો ?’

તેમની ઉપદેશ આપવાની પદ્ધતિ અનોખી હતી. ક્યારેય કોઈ વ્યાખ્યાન લખ્યું-લખાવ્યું નથી. જેઓ નિકટના હોય, મિત્ર સમાન હોય, જિજ્ઞાસુ હોય તેવા લોકો સાથે ચર્ચા કરતા. બહુ સરળ, સ્પષ્ટ, ટૂંકા ઉપદેશમાં ગહન વાતો પોતાના અનુભવની વાતો સમજાવી દેતા. તેમના વાર્તાલાપોમાં ટૂંકી બોધદાયક વાર્તાઓ સહજ ગૂંથાતી. સર્વોચ્ચ સત્ય સરળ રજૂઆતથી સાંભળનારમાં સોંસરવું ઊતરી જતું. કહેવાય છે કે; જ્યારે આરતી થતી ત્યારે મથુરબાબુના બંગલા ઉપરથી બૂમો પાડતા. ‘અરે ઓ ભક્તો! તમે બધા કયાં છો ? આવો ને ! આ બધા વહેવારી માણસો સાથે રહીને મારો જીવ જાય છે.’

કોઈ ગ્રંથનો અભ્યાસ ન હતો છતાં તેઓ એવા બહુશ્રુત જ્ઞાની હતા કે નારદભક્તિસૂત્ર, મહાભારત, ભક્તમાલ,

યોગવસિષ્ઠ, વિવેકચૂડામણિ, ચૈતન્યલીલામૃત જેવાનાં ઉદાહરણો તેમના વાર્તાલાપોમાં જોવા મળતાં. શ્રી શ્રી મા આનંદમયીએ કહ્યું હતું; 'એ શું કરવા ભણેગણે ? એ તો ભણતરનો ભંડાર લઈને જ જન્મ્યા હતા. એ પોતે જ બ્રહ્મવિદ્યાના પ્રકાશ હતા.' એમણે સ્વયં કહ્યું હતું; 'જેને આદેશ મળ્યો હોય તેના જ્ઞાનનો છેડો ન મળે. એ જ્ઞાન ઈશ્વર પાસેથી આવે એટલે ખૂટે જ નહિ.' વળી કહેતા; 'મારી જે અવસ્થા ને તમે કહો છો તેમ સાધના કર્યે જે થાય એમ નથી. આની અંદર 'કંઈક વિશેષ' છે. મેં ઈશ્વર સાથે વાત કરી છે. એકલાં દર્શન નહિ, વાત કરી છે ! બધાં શાસ્ત્રોમાં શું છે તે ઈશ્વરે દેખાડી દીધું છે. મહામાયાની માયા શું છે તે દેખાડ્યું છે.'

શ્રીરામકૃષ્ણને કાલીની મૂર્તિમાં જીવનસ્પંદન જણાતું હતું. શ્રી રમણ મહર્ષિ આ અંગે કહે છે : 'મૂર્તિમાં જીવનની પ્રતીતિ માત્ર રામકૃષ્ણને થતી હતી, અન્ય વ્યક્તિઓને નહિ. એ એમની પોતાની જીવનશક્તિ હતી. જે બાહ્યતઃ વ્યક્ત થતી હતી ને તેમના હૃદયને આકર્ષતી હતી.' તેઓ સ્પષ્ટ કહેતા : 'અહીં હું તો પાતાળ ફાડીને નીકળેલો શિવ છું; બેસાડેલ શિવ નહિ.'

કામિની, કાંચન ઈશ્વરપ્રાપ્તિમાં અવરોધ છે. વ્યાકુળતાથી જ ઈશ્વરપ્રાપ્તિ થાય. ઈશ્વર જ સત્ય બીજું બધું અનિત્ય. સંસારના બધાં જ કામકાજ કરતાં મન ઈશ્વરમાં રાખવું. સંસારમાં દાસ કે આયાની જેમ રહેવું, વખતોવખત સમય કાઢી એકાંતમાં જવું, કેવળ વિદ્વત્તાનો કોઈ અર્થ નથી. કુટંબને ચાહવું, માત્ર દેશના લોકોને જ ચાહવા, માત્ર પોતાના સંપ્રદાયના લોકોને ચાહવા એનું નામ 'માયા'. બધા લોકોને ચાહવા, બધા જ ધર્મના લોકોને

ચાહવા એનું નામ દયા. અહંકાર જલદી જાય નહિ એટલે દાસનો અહંકાર સારો. 'પ્રભુ, તમે માલિક હું તમારો દાસ.' જ્ઞાની જેને 'આત્મા' કહે, ભક્તો જેને 'ભગવાન' કહે નામ જુદા, ઈશ્વર એક જ છે. કાલી સગુણ-નિર્ગુણ બંને છે. આકાશ દૂરથી આસમાની રંગનું દેખાય, પાસે જઈએ તો કશો રંગ નહિ.

સ્વામી વિવેકાનંદ તરીકે પ્રખ્યાત નરેન્દ્રે ઠાકુર સાથેની પ્રથમ મુલાકાત વિશે કહ્યું હતું; 'એમના મુખમાંથી નીકળતી અલૌકિક વાણી સાંભળતાં લાગ્યું કે, આ કોઈ સામાન્ય વાણી નથી, એ અનુભૂતિના ઊંડાણમાંથી આવી રહી છે. પરંતુ એમના વર્તનનો મેળ એમની વાણી સાથે હું બેસાડી શક્યો નહિ. તેમ છતાં તેમના ત્યાગની મહત્તાનો સ્વીકાર કર્યા વગર રહી શક્યો નહિ. ભલે એ પાગલ હોય તો પણ અત્યંત પવિત્ર પુરુષ છે, સાચા સંત છે. કેવળ એ એક કારણે પણ એ મનુષ્યજાતિ માટે વંદનીય છે.'

'સંસારમાં જેટલા ધર્મો છે એ કોઈ પરસ્પર વિરોધાભાસી કે વેરભાવાત્મક નથી. એ એક જ ચિરંતન, શાશ્વત ધર્મના જુદા જુદા ભાવ છે.' એમનું આ કથન વિવેકાનંદે મસ્તકે ધર્યું.

'ભારતના ભાવિ પ્રતિનિધિ' તરીકે તેઓશ્રી વિવેકાનંદને પોતાની સામે બેસાડીને ઘડતર કરી ગયા છે.

એકવાર શ્રીરામકૃષ્ણને પગે માલિશ કરતાં શારદામણિએ પૂછ્યું. 'મારા વિશે શું માનો છો ?' ત્યારે ઠાકુરે કહ્યું; 'એ જ માતા જે મંદિરમાં છે, એ જ માતા જેણે મને જન્મ આપ્યો છે, એ જ માતા મારા પગે માલિશ કરી રહી છે. આ સત્ય છે. હું હંમેશાં તમને દિવ્યમાતા સ્વરૂપે જ જોઉં છું.'

પાછલી વયે શ્રીરામકૃષ્ણને ગળાનું કૅન્સર થયું. આ અસાધ્ય

રોગનું દર્દ વેઠીને પણ ભક્તોને સદોપદેશ આપતા રહ્યા. એકવાર તેમની પથારી પાસે ઊભેલા નરેન્દ્રને વિચાર આવ્યો. 'પોતે ઈશ્વરનો અવતાર છે એવું એ અનેકવાર બોલી ચૂક્યા છે. પરંતુ આજે જ્યારે મૃત્યુની અવસ્થાએ અસહ્ય વેદના ભોગવી રહ્યા છે ત્યારે પણ જો તેઓ એમની દિવ્યતા દર્શાવી શકે તો હું તેમને માનું.' નરેન્દ્રનો વિચાર હજી પૂરો ન હતો થયો ને શ્રીરામકૃષ્ણ એમની તરફ ફરી, પોતાની તમામ શક્તિ એકઠી કરીને બોલ્યા : 'અરે નરેન ! તને હજી ખાતરી નથી થતી ? જે રામ હતા, જે કૃષ્ણ હતા તે જ રામકૃષ્ણરૂપે આ દેહમાં બિરાજમાન છે. અને તે પણ તારી વેદાંતની દૃષ્ટિથી નહિ !'– 'માત્ર આત્મતત્ત્વની દૃષ્ટિએ જ નહિ પરંતુ અવતાર અને આગલા અવતારોના પુનરાવતાર-પુનર્જન્મરૂપે' શ્રી રામકૃષ્ણે પોતાને જાહેર કર્યા હતા.

એકવાર એક ભક્તે શ્રીરામકૃષ્ણના ભક્ત ગિરીશ માટે કહ્યું હતું કે, 'એ તો દારૂડિયો માણસ છે.' ત્યારે ઠાકુરે કહેલું; 'નહિ રે, એને કંઈ કહેવું નહિ પડે. તે પોતે જ પોતાને સંભાળી લેશે.' જ્યારે ગિરીશે પ્રભુસ્મરણ કરવાની પોતાની અશક્તિ બતાવી ત્યારે તેમણે કહ્યું; આ ક્ષણથી તું મને તારું મુખત્યારનામું (Power of attonery) આપી દે. ત્યારબાદ ગિરીશ તેમની બધી જ ઇચ્છા તેમને સમર્પિત કરવાનો મુશ્કેલ પ્રયત્ન કરવા લાગ્યા. કહેતા; 'I am not even free to breathe.' શ્રી અરવિંદ કહે છે : 'જેઓ સચ્ચાઈપૂર્વક ભગવાનને બારણે ટકોરા મારે છે તેમને માટે તે ક્યારેય બંધ નથી રહેતું. માનવીય સ્ખલનો-ગુણો દિવ્યતત્ત્વનાં શ્યામ-ઉજ્જવલ આવરણો છે.


પરમ તત્ત્વ એકવાર એને ભેદી નાખે, પછી બંનેમાં 'આત્માની ઊંચાઈઓ' પ્રજ્વલિત થઈ શકે છે.'

શ્રીરામકૃષ્ણે સિદ્ધ કરી આપ્યું કે; 'ધર્મ અનુભૂતિની બાબત છે. બુદ્ધિ ત્યાં સુધી પહોંચી શકતી નથી નિર્ગુણ, નિરાકાર, બ્રહ્મતત્ત્વના આવિષ્કાર માટે તત્ત્વદર્શી સાધુઓનો સત્સંગ જરૂરી છે.' માસ્ટર મહાશયને શ્રીઠાકુરે કહ્યું હતું; 'ઈશ્વરને રૂપો છે એવો વિશ્વાસ રાખો. તે પછી જે રૂપ ગમે તે રૂપનું ધ્યાન કરો.' આ સાંભળી તેમને સમજાયું કે, સાકારમાંથી નિરાકારમાં જવાય. પહેલેથી જ નિરાકારમાં મન સ્થિર કરવું સહેલું નથી.

શ્રી રામકૃષ્ણનો પ્રત્યેક વિચાર સીધો ઈશ્વર થકી પ્રાપ્ત થતો. એમાં માનવીય બુદ્ધિ, સંસ્કાર કે પાંડિત્યની કરામતોનું મિશ્રણ ન હતું. એમના જીવનની પ્રત્યેક અવસ્થા કોઈ નવા શાસ્ત્રનો અધ્યાય હતી પૂર્વ-પશ્ચિમની અધ્યાત્મસંબંધી આવશ્યકતાઓ પૂર્ણ કરવા ખુદ ઈશ્વરે જ એમની વાતો સર્જી હતી.

એમના અવતારનો હેતુ એ હતો કે પ્રત્યેક આત્મા અમર છે અને બ્રહ્મત્વને પ્રાપ્ત કરવાનું સામર્થ્ય રાખે છે. પરમાત્મા એક છે પણ એનાં રૂપ અનેક છે. સાકાર પણ છે, નિરાકાર પણ છે. પરમાત્મા વિશ્વનાં માતાપિતા છે. સ્ત્રીત્વના આદર્શને જગદંબાના પદ પર પ્રતિષ્ઠિત કર્યો હતો તેમના આધ્યાત્મિક વિવાહનું ઉદાહરણ સંસારના ધાર્મિક સાહિત્યમાં અજોડ હતું. તેઓશ્રી પોતાના સ્પર્શમાત્રથી પાપીના ચરિત્રને દૈવી શક્તિમાં પલટી કાઢતા હતા.

**—સંકલન**




॥ 'પ્રકાશના પંથે' આત્મકથાનું અમૃત ॥

( કેટલાક સંકલિત અંશો )

# ॥ મહાપુરુષ ॥

જીવનમુક્ત આત્માને ઓળખવા માટે તેના અંતરના ઊંડાણમાં ડોકિયું કરવું જોઈએ. તેના બાહ્યવેશ તથા વ્યવહાર પરથી તેના મૂલ્યાંકનની કોશિશ કરીએ તો એ કોશિશ નિરર્થક જ નીવડે.

*

મહાપુરુષ વિશે જે પણ અભિપ્રાયો ઉચ્ચારવામાં આવે તે પૂરતા ચિંતન, મનન, અનુભવથી ઉચ્ચારવા જોઈએ. એમના જીવન તેમજ મહિમાથી પૂર્ણપણે માહિતગાર થવું જોઈએ.

*

અવતારી અને મુક્ત મહાપુરુષોના શરીરધારણના બે હેતુ હોય છે : એક તો વ્યક્તિગત સાધના દ્વારા બીજાને માર્ગદર્શન કરવાનો હેતુ ને બીજો આધ્યાત્મિક પુનરુત્થાનનો હેતુ.

# ॥ જીવન ॥

અનેકવિધ દૃશ્યોવાળી ને કડવામીઠા અનુભવથી ભરેલી જીવનયાત્રામાં આગળ વધનારા વિવેકી પુરુષે બધી દશામાં વિવેકની જ્યોતિને જાગ્રત રાખતાં શીખી લેવાનું છે.

*

જીવનને અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી જ્ઞાનમાં અલ્પતામાંથી પૂર્ણતામાં, ને મૃત્યુમાંથી અમૃતત્ત્વમાં પહોંચી જવું જોઈએ.

*

જીવન પરમાત્માની પ્રાપ્તિ માટે જ છે.

✽

બાળપણમાં પડેલા સંસ્કારો વજ્રલેપ જેવા બની રહે છે ને લગભગ જીવનપર્યંત જળવાઈ રહે છે.

✽

જીવન તો ચંચળ છે. ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. ક્યારે પૂરું થશે તેની કોને ખબર છે ? માટે જાગ્યા ત્યારથી સવાર સમજીને સમજશક્તિની પ્રાપ્તિ થાય ત્યારથી જ પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

## ॥ શરીર ॥

શરીર મારે મન નગણ્ય કે હેય નથી, પરંતુ જરૂર પડતાં તેને કસોટીએ ચઢાવવા, ગાળવા કે તપાવવા પણ તૈયાર થવું જોઈએ.

✽

શરીરની ઉપેક્ષા બરાબર નથી. જીવનને મહાન બનાવવું હોય ને પોતાની ને બીજાની સેવા કરવી હોય તો શરીરને સુદૃઢ અને નીરોગી કરવાની જરૂર છે.

✽

માણસનું શરીર કેવી રીતે છૂટે છે તે વાત કરતાં શરીર છૂટતી વખતે તેની મનોવૃત્તિ કેવી રહે છે તે વાત વધારે મહત્ત્વની ને ધ્યાનમાં રાખવા જેવી છે. તે પરથી જ તેની મહત્તા કે શ્રેષ્ઠતાનું માપ કાઢી શકાય છે.

✽

ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં જે કાંઈ પુરુષાર્થ કરવો હોય તે યુવાનીમાં જ સારી પેઠે થઈ શકે છે. પછીથી જ્યારે ઇન્દ્રિયો ને શરીરની શક્તિનો હ્રાસ થઈ જાય. ઘડપણ શરીર ને મન પર સવાર થઈ જાય ને મૃત્યુના સંદેશા વારંવાર આવવા માંડે ત્યારે સાધનાનું આકરું ને કષ્ટસાધ્ય કામ કેવી રીતે થાય ?

*

વિનાશના અગ્નિમાં આખરે બધા પદાર્થો હોમાઈ જવાના છે. અરે ! આ સુંદર અને આકર્ષક દેખાતું શરીર પણ છેવટે તો આ જ અવસ્થાને પામવાનું છે. સ્મશાનની ચિતામાં સળગીને ભસ્મીભૂત થઈને છેવટે શાંત થવાનું છે. માટે તેની મમતા ને અહંકાર છોડ. તેને માટે ન કરવાનાં કામો કરવાનું મૂકી દે.

*

સંસારમાં કોઈનું શરીર સનાતન નથી, સૌની ઘડીઓ ગણાય છે. કાળ સહુનો હિસાબ કરી રહ્યો છે. જે વખત જાય છે તે સોનાનો વીતે છે. તે જીવનને વધારી નહિ, ઘટાડી રહ્યો છે. એમ કરતાં અંતિમ કૂચમાં જોડાઈ જવાની પળ પણ આવી પહોંચશે. છતાં પણ ડરવાની, ગભરાવાની, નાહિંમત થવાની કે બેચેન બનવાની જરૂર નથી. ઊલટું જીવનને ઉત્તમોત્તમ બનાવવાના તેમજ ધરતીને સરસ, સુખશાંતિમય કરવાના પ્રયાસમાં લાગી જવાની જરૂર છે.

*

શરીર સાથે અદૃશ્ય થવાની વાત નવાઈ લાગે તેવી છે પરંતુ નિરાધાર નથી. યોગદર્શનના વિભૂતિપાદમાં યોગીની અદૃશ્ય થવાની સિદ્ધિનો ઉલ્લેખ છે. ભક્તને પ્રભુની કૃપાથી તેવી શક્તિની પ્રાપ્તિ થઈ શકે છે.

*

એવી કોઈ વસ્તુ નથી કે આ મનુષ્ય-શરીરથી ઈશ્વરકૃપા દ્વારા ના થઈ શકે.

✻

આ કાયા ક્ષણભંગુર છે તેનો નાશ નક્કી છે. અજ્ઞાનમાંથી મુક્ત થવું હોય તો માણસે શરીરની કેવળ ચામડીને જોવાને બદલે શરીરમાં રહેલો ને તેમાંથી આરપાર નીકળતો ઈશ્વરી પ્રકાશ જોતાં શીખવો જોઈએ.

✻

# ॥ મન ॥

મનની લીલા એવી અદ્‌ભુત છે કે તેનામાં પ્રાપ્ત પદાર્થ ને પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની ને તેમાં ડૂબી જવાની સહજ શક્તિ છે.

મનની રચના જ એવી છે કે તે સંસાર બદલ્યા જ કરે છે. તેની પ્રેરણા ને પ્રસન્નતાના સ્થાન ને કેન્દ્રમાં ફેરફાર થયા જ કરે છે. છેવટે કેટલીકવાર તેનું સ્મૃતિપટ પરથી નામનિશાન પણ મટી જાય છે.

✻

સંસારનો વ્યવહાર આધ્યાત્મિક વિકાસની આડે નથી આવતો, બાધક નહિ, સાધક બને છે. બાધક તો મન છે. મનને જો બરોબર કરી દેવામાં આવે તો વ્યવહારની વચ્ચે રહીને પણ આત્મવિકાસ કરી શકાય.

✻

મન જ્યાં સુધી મલિન હોય ને કુવિચાર, કુસંસ્કાર, વિષયાસક્તિઓ તથા અહંકારથી ભરેલું હોય ત્યાં સુધી દૃષ્ટિ નિર્મળ થઈ શકતી નથી.

✻

મન જેમજેમ નિર્મળ બનતું જાય છે તેમતેમ નવી આંખ, નવી દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. તેને દિવ્યદૃષ્ટિ પણ કહેવામાં આવે છે. તેની પ્રાપ્તિ થતાં ચરાચરમાં ઈશ્વરની અલૌકિકતાની ઝાંખી થઈ શકે છે.

✽

તન ને મનની નિર્મળતાને કાયમ રાખીને માણસ કામવાસનાથી મુક્તિ મેળવી જ ના શકે એમ માનવામાં માનવ-આત્માની અસીમ શક્તિનું અપમાન રહેલું છે, ને ઈશ્વરની અનંત અનુકંપાની પણ અવગણના છે.

✽

પ્રત્યેક પરિસ્થિતિમાં મનને પ્રસન્ન રાખવાની કળા શીખવી જોઈએ.

✽

જ્યાં જ્યાં માનવ ને તેનું મન છે ત્યાં ત્યાં મનનાં સારાં ને નરસાં બધાં તત્ત્વોનું દર્શન સહેજે થયા કરે છે.

માણસને ડૂબાડનારું ને તારનારું તેનું મન છે. પોતાના વિના પોતાનો ખરો ઉપકાર કે અપકાર કોઈ જ નથી કરી શકતું.

## ॥ માણસ ॥

માણસ કોઈને પણ નમે છે કે પ્રણિપાત કરે છે ત્યારે તેનાં હાડમાંસ કે રુધિરને નથી નમતો પણ તેની અંદર રહેલા પ્રકાશને પૂજે છે.

✽

જ્યાંસુધી નમ્રતા જાગી નથી, દોષદૃષ્ટિ, સંકુચિતતા, ઈર્ષ્યા ને અહંતા ભાગી નથી, ત્યાં સુધી માણસ આખુંયે રામાયણ મોઢે બોલી જાય, ગીતા કંઠસ્થ કરી લે કે ભાગવત જેવાં શાસ્ત્રોનું પારાયણ કરીને ભગતમાં ખપે, તિલક, તુલસી કે માળા ધારણ કરે, છતાં તેનું દળદર ફીટવાનું નહિ.

✽

માનવોચિત આદર્શ જીવનવ્યહાર એ આધ્યાત્મિક જીવનનો મેરુદંડ છે.

માણસ ત્યાગી કે સંસારી, વિવિક્તવાસી કે વસ્તીની વચ્ચે વસનારા સૌને માટે આદર્શ જીવનવ્યવહાર આવશ્યક છે.

✽

સત્ય, ધર્મ અને સત્પુરુષોના સદ્ઉપદેશની આધારશિલા પર આપણે જીવનની નવરચના કરવા માંડીશું ત્યારે આપણી બધી જ બદીઓ દૂર થશે અને માનવ તરીકે આપણે સમુચિત અથવા સંપૂર્ણ ગૌરવથી જીવી શકીશું.

✽

માણસ જ્યારે હાડમાંસ પર મઢેલા ચામડાને જુએ છે ત્યારે તેમાં લોભાય છે, લપટાય છે ને તેના સ્વાદ માટે લાલાયિત થાય છે. એ બધું ભયંકર અજ્ઞાન છે.

આચાર અને વિચારનો ભેદ દૂર કરવામાં જ માણસની મોટાઈ છે.

✽

કથાકીર્તનથી પ્રભુને પ્રસન્ન કરવાને બદલે લોકોને જ પ્રસન્ન કરવાની ને તે દ્વારા પૈસો ને પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છા માણસોમાં વધતી જાય છે.

ભારતમાં વય, પ્રતિષ્ઠા કે વૈભવને પૂજા કે સન્માનનું સ્થાન મળ્યું નથી. ભારતીય સંસ્કૃતિએ તો વિદ્યા, ચારિત્ર્ય ને તેના આધાર પર ઘડાયેલી યોગ્યતાને જ પૂજનીય માની છે.

✽

માણસે કૃતજ્ઞ થવું કે કૃતઘ્ન તે તેના હાથમાં છે.

✽

સાચી સાધુતા નગ્ન રહેવામાં નહિ પણ શીલ ને સાત્ત્વિકતાને કેળવવામાં છે. સાચો વૈરાગ્ય વિષયોમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં જોડી દેવામાં સમાયેલો છે. માનવની આગળ પ્રેય અને શ્રેયના વિવિધ માર્ગ આવતા હોય છે. પ્રેયનો માર્ગ પ્રાકૃતિક પદાર્થો તથા વિષયોની પ્રીતિ અને પ્રાપ્તિનો અથવા સાંસારિક સુખાકારીનો હોય છે. શ્રેયનો માર્ગ મુખ્યત્વે આત્મકલ્યાણનો, પરમાત્માને ઓળખવાનો અથવા પરમાત્માભિમુખ બનવાનો હોય છે.

✽

મોટાભાગના માણસો સમજવા માંડ્યા છે કે કેવળ ભૌતિક વિકાસ ગમે તેવો સર્વોચ્ચ પ્રકારનો વિકાસ પણ આત્મિક સંતોષ ને શાંતિ નહિ આપી શકે.

માણસ વ્યસનોથી મુક્તિ મેળવવાનો નિશ્ચય કરે, દુર્ગુણોને દૂર કરી સદ્‌ગુણોને કાયમ કરે, ને સત્કર્મી બને, તો તેનું જીવન વધારે ઉજ્જવળ ને પુણ્યમય બની શકે.

✽

સુખના સ્વર્ણ સમયમાં માણસને સમજણની સામગ્રી મળે છે એના કરતાં કેટલીકવાર દુઃખના દિવસોમાં વધારે મળે છે.

✽

વિજ્ઞાનની શકવર્તી શોધોએ ભૌતિક સુખોપભોગની સામગ્રીઓના દ્વારને ઉઘાડી આપ્યું છે. પરંતુ આત્માની અલૌકિક અનુભૂતિ નથી આપી. એને લીધે માણસના જીવનમાં વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાં અસંતોષના ઓળા ઊતર્યા છે.

## ॥ નિયતિ ॥

અંતે તો કર્મના નિશ્ચિત નિયમાનુસાર કે કુદરતના ક્રમ પ્રમાણે જે થવાનું હોય છે તે જ થાય છે. માનવનું એની આગળ કશું જ નથી ચાલતું.

*

કરેલાં કર્મો ફળદાયક થઈને માનવજીવનને જુદા જુદા આકારો આપ્યા કરે છે. ને જુદી જુદી વ્યક્તિ તથા જુદા જુદા પ્રદેશના પરિચયમાં લાવ્યા કરે છે. કોઈની સાથે સ્નેહ અને સાનુકૂળતા તથા કોઈની સાથે વેર તથા પ્રતિકૂળતા પણ તે જ કરાવે છે.

*

પ્રારબ્ધ પથ્થરમાંથી પણ માર્ગ કરે છે. તેની ગતિને કોઈ રોકી શકતું નથી. તે નિશ્ચિત છે. માણસ ધારે કે ના ધારે, ચાહે કે ન ચાહે સમય પર તે આવે જ છે. ને પોતાનું કામ કર્યે જાય છે. માણસને તે ભોગવવું જ પડે છે. ભોગવવાથી જ તેનો ક્ષય થાય છે.

*

પ્રભુ અથવા પ્રભુના કૃપાપાત્ર મહાપુરુષો જો ધારે તો પ્રારબ્ધને પલટાવી શકે છે અથવા અન્યથા કરી શકે છે પણ તેવી દરમ્યાનગીરી તે અપવાદરૂપે જ કરે છે.

*

માણસ કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ વધારે ભાગે તો તેણે કોઈક અદૃશ્ય શક્તિના વિધાન પ્રમાણે જ, વર્તવાનું હોય છે.

*

વેર ને પ્રેમનો મુખ્ય આધાર પ્રારબ્ધકર્મ પર રહે છે. તેમને અનુસરીને કોઈને કોઈ પ્રત્યે પ્રેમ ને કોઈ પ્રત્યે વેર હોય છે.

કોઈને સંસ્કારવશ લગ્નજીવનમાં પ્રવેશવાનું થાય અથવા કોઈ કારણથી અવિવાહિત રહેવાનું બને તો પણ એના આત્મવિકાસની અભિરુચિ અખંડ રહે છે કે નથી રહેતી એ જ અગત્યનું હોય છે.

*

ઈશ્વરની ઇચ્છા કે યોજના પ્રમાણે વિવિધ વ્યક્તિ કે વસ્તુના સમાગમમાં આવવાનું બને છે ને સમય પર તે વ્યક્તિ ને વસ્તુથી વિખૂટા પડવું પડે છે.

*

લલાટના લેખની વાત અનેરી છે. હજારો ગાઉની વચ્ચે પડેલા પરદાને દૂર કરીને પણ તે પોતાનું કામ કરે છે ને પોતાને અનુકૂળ માર્ગ નક્કી કરે છે. દરેક માનવીના જીવનમાં તે પોતાનું એકછત્રી શાસન ચલાવ્યા કરે છે.

*

પ્રારબ્ધના લેખ કોઈ સરમુખ્યતાર કે આપખુદ માણસે પોતાની સ્વતંત્ર ઇચ્છા પ્રમાણે બળજબરીથી લખી કાઢેલી કે લાદેલી વસ્તુ નથી. કોઈ મનસ્વી માણસે વરસાવેલ તે આશીર્વાદ કે અભિશાપ નથી. તે તો કરેલાં કર્મોનો સંગ્રહ છે.

# ॥ મૃત્યુ ॥

મરણ દેખીતી રીતે અશુભ અને અનિષ્ટકારક લાગે છે, છતાં તેની પાછળ નવી સૃષ્ટિ ઊભેલી છે. અને તેમાં પ્રવેશવા માટે જન્મરૂપી પાસપોર્ટ આપવા માટે સહાયક થઈ પડે છે.

✻

બીમારી ને મૃત્યુ સમયે માણસે ભલભલા મતભેદને ભૂલી જઈને દયાળુ બનવું જોઈએ, એક થવું જોઈએ. ને પ્રેમ ને સેવાની ભાવનાથી સંપન્ન બનવું જોઈએ.

✻

મરણનો પ્રભાવ કેટલો મહાન છે ! જગતની પ્રત્યેક વસ્તુ, ચાહે મોટી કે નાની, વૈભવી કે દરિદ્ર ગમે તેવી હોય, છેવટે મૃત્યુને વશ છે.

✻

ચિતા એક જાતની યુનિવર્સિટી છે. ફક્ત માણસમાં જરીક જાગૃતિ જોઈએ. તેની આંખ ઉઘાડી હોવી જોઈએ.

✻

શરીર અત્યારે કેટલું બધું સુંદર ને સોનેરી છે ! તેનો પણ નાશ થઈ જશે. વહેલા કે મોડા સૌને મૃત્યુના જ માર્ગે જવાનું છે.

✻

માણસનું શરીર શાંત થાય પછી આંખો મીંચીને તેની પૂજા કરવી તેના કરતાં તેનું શરીર હયાત હોય ત્યારે જ તેની યોગ્યતા જોવી તેમાં ડહાપણ ને મનુષ્યતા રહેલી છે.

✻

એક ઠેકાણેનો સૂર્યાસ્ત તે બીજા સ્થળનો સૂર્યોદય છે. તેવું જ જન્મ ને મરણના સંબંધમાં સમજી લેવાનું છે. તેનો હર્ષ કે શોક શા માટે ?

✻

બળ, રૂપ, યૌવન કે ધન કશાનું ગુમાન ન કરીશ. ભલભલા બળવાન, રૂપવાન, ધનવાન ને યુવાન સ્ત્રીપુરુષો લાખો ચિતામાં સ્વાહા થઈ ગયા છે તેમનું નામનિશાન પણ રહ્યું નથી. માટે અહંકારનો ત્યાગ કર, ભલાઈને ગ્રહણ કર ને દુનિયાની કર્મભૂમિમાં એવાં કર્મ કર જેથી મૃત્યુની છાયા પડવા છતાં, મૃત્યુની સોડમાં સૂતા છતાં પણ અમર બની જાય. મૃત્યુ તારું ન થાય પણ મૃત્યુનું થાય. ને તારે લીધે મૃત્યુ પણ યશસ્વી બની જાય.

## ॥ પ્રકીર્ણ ॥

માનવનું સર્વોત્તમ સદ્‌ભાગ્ય હોય અને પરમાત્માની પરમ કૃપા થાય તો સ્વાનુભવસંપન્ન સત્પુરુષ અચાનક અથવા વિના શોધે જ મળી જાય છે.

✻

પવિત્ર પ્રેમને વાણી સાથે એટલો સંબંધ નથી હોતો જેટલો અંતરાત્મા સાથે હોય છે.

✻

ઈશ્વર સર્વસમર્થ છે. એમને પ્રાર્થવાથી ને પોકારવાથી માનવનાં નાનાંમોટાં બધાં જ દુઃખદર્દ મટી શકે છે. સૌથી મોટો ભારેમાં ભારે ભવરોગ પણ ટળે છે.

✻

પ્રત્યેક પ્રસંગમાંથી સદ્‌બુદ્ધિસંપન્ન સુવિચારી પુરુષે કાંઈ ને કાંઈ શીખતાં જ રહેવાનું છે.

*

આપણી સુંદર સંસ્કૃતિની શોભા ને રક્ષા માટે તીર્થો તેમજ મહત્ત્વનાં સ્થળોને આપણે સ્વચ્છ, સંસ્કારી ને સદાચારમય રાખવાની જરૂર છે.

*

જે કામ કરવામાં આવે તે આંખો મીંચીને કે કેવળ શોખને ખાતર ના થવું જોઈએ. તેની પાછળ પૂરતો વિચાર હોવો જોઈએ. એમ થાય તો કર્મ કેવળ જડ કર્મ ન રહે પણ જીવનને ચેતનાનું દાન દેનારો એક પ્રકારનો યજ્ઞ અથવા યોગ થઈ જાય.

*

યોગનું પરમ પ્રાપ્તવ્ય તો પૂર્ણતા એટલે આત્મદર્શન. જગતમાં બધે જ આત્મદર્શન કે ઈશ્વરદર્શન તેમજ વ્યક્તિગત મર્યાદાઓને ખંખેરીને ઈશ્વરી શક્તિની પ્રાપ્તિ છે.

*

પ્રત્યેક પ્રસંગમાંથી સદ્‌બુદ્ધિસંપન્ન સુવિચારી પુરુષે કાંઈ ને કાંઈ શીખતાં જ રહેવાનું છે.

*

સાધકના જીવનમાં મૂંઝવણનો વખત વારંવાર આવે છે. તે વખતે તેણે નાસીપાસ ને નાહિંમત બનવાની જરૂર નથી હોતી. તે વખતે બનતી સ્થિરતાને સાચવી રાખીને પ્રાર્થના કરવાની આવશ્યકતા હોય છે. તેથી ધીરે ધીરે માર્ગ ઉઘડે છે ને ચિંતા, ભય કે મૂંઝવણ દૂર થાય છે.

*

સામાન્ય માણસના અંતરને પણ અલ્પ વખતમાં ઓળખી શકાતું નથી તો અસામાન્ય અવસ્થા પર આસીન મહાત્મા પુરુષના અંતરને તો કેવી રીતે ઓળખી શકાય ?

*

જેને આગળ વધવું છે તેણે છેવટે તો પોતાના પગ પર જ ઊભા રહેતાં શીખવું પડશે. પોતાના પુરુષાર્થ કે આત્મબળ પર શ્રદ્ધા રાખીને આત્મા કે પરમાત્માના અવાજને અનુસરીને આગળ ધપવું પડશે. ને પોતાની પૂંજીને વધારીને તેમાંથી જ પોષણ મેળવવું રહેશે.

*

માણસ સમાજમાં રહે ને હરેફરે એટલે તેણે સામાજિક સ્વાસ્થ્યનો વિચાર કરીને, મર્યાદા સચવાય તેવો પોષાક પહેરવો જોઈએ. સાધુઓ પણ એ નિયમમાં અપવાદરૂપ નથી.

*

સાધનામાં સહજ રીતે પ્રાપ્ત થનારાં મંત્રોમાં ભારે શક્તિ હોય છે તેના જપથી લાભ થાય છે.

*

સમજુ પુરુષે જીવનના સુવર્ણ સમયને પ્રભુપરાયણ કરવાની કોશિશ કરવી જોઈએ. એમ કરવાથી મન સ્થિર અને એકાગ્ર થઈ જાય છે. અંતઃકરણની શુદ્ધિ થાય છે ને તેમાં પ્રભુપ્રેમની પવિત્ર જ્યોત જાગી ઊઠે છે. પ્રેમની પ્રબળતા થતાં પ્રભુનાં દર્શન થઈ જાય છે ને જીવન કૃતાર્થ થાય છે.

*

પુરુષાર્થનું ફળ આપવાનું ઈશ્વરના હાથમાં છે. ક્યારે, ક્યાં, કેટલું ને કેવું ફળ આપવું તે ઈશ્વર જ જાણે છે. માણસે તેનો વિચાર કરીને શોક ને મોહમાં પડવાનું કોઈ કારણ નથી. કર્મનો કંટાળો લાવીને કર્મસંન્યાસ લેવાની પણ જરૂર નથી.

✻

જે જીવન જતું રહ્યું છે તે ફરી આવવાનું નથી. પણ જે બાકી છે તે જીવનને સંભાળી લેવામાં આવે તો પણ ઘણું છે. બાકીના જીવનમાં કોઈ કુકર્મ ના થાય ને કલંક ના લાગે તે માટે સાવધ રહેવાથી મોટો લાભ થશે.

✻

સાધનાનું રહસ્ય સમજવા માટે કેવળ તર્ક નહિ, કિન્તુ અનુભવની અનિવાર્ય આવશ્યકતા છે.

✻

પૂર્વજન્મનું જ્ઞાન યોગ, ભક્તિ ને ઈશ્વર અથવા સિદ્ધ પુરુષોના અનુગ્રહથી પણ થઈ શકે છે.

જમીનમાં વાવેલું બી અનુકૂળતા હોય તો પણ જેમ અમુક વખત પછી જ ઊગી નીકળે છે તેમ કર્મના ફળને પાકતાં ને પ્રત્યક્ષ થતાં અમુક વખત લાગે છે. વિવેકી સાધકે તેથી નિરાશ થવાની જરૂર નથી.

✻

અપરિગ્રહના વ્રતથી પણ પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે.

જે અધિકાર ને બળ વિનાના છે તે પણ શ્રદ્ધા ને પ્રેમપૂર્વક પ્રભુનું શરણ લેશે તો દુઃખદારિદ્રયનો અંત આણીને જીવનને ઉજ્જવળ ને ધન્ય કરી શકશે.

✻

જે દેશમાં ધ્રુવ અને પ્રહ્લાદ જેવા ભક્ત ને ધર્મપરાયણ બાળકો જન્મે છે તે દેશ પર પ્રભુની કૃપા છે. તેની સંસ્કૃતિનો વિનાશ કદી પણ નહિ થાય એ નક્કી છે.

✻

જપ બહુ ઉત્તમ ને ઉપયોગી વસ્તુ છે. વધારે ને વધારે પ્રમાણમાં તેનો લાભ લેવાય તે જરૂરી છે. તેથી મોટી મદદ મળે છે. હજારોની સંખ્યામાં તેને જપવાનું કામ ઉત્તમ છે. વળી સંખ્યાની ચિંતા કર્યા વિના તે સતત રીતે થયા કરે એવી અવસ્થા પણ ઈચ્છવા યોગ અને આશીર્વાદરૂપ છે.

✻

ખરેખર, આ પૃથ્વી કોઈની થઈ નથી ને થવાની નથી. મોટામોટા મહિપતિ પણ અહીંથી ખાલી હાથે વિદાય થયા છે. સમજુ માણસે સાવધાન રહીને રાતદિવસ એવાં કામ કરવાં જોઈએ કે અંતિમ વખતે તેને કરેલા કામ માટે પશ્ચાત્તાપ કરીને રોવું ના પડે.

✻

જેનું મન એક ક્ષણ માટે પણ પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઈ ગયું, તેનું જીવન ધન્ય બની ગયું, કુળ પવિત્ર થઈ ગયું, તેની જનની કૃતાર્થ થઈ. ને પૃથ્વી પણ તે બડભાગી મહાપુરુષનો સ્પર્શ પામીને સાર્થક ને પુણ્યશાળી બની થઈ ગઈ.

✻

આ યુગમાં પણ જે ચાહે ને પ્રયાસ કરે તે ભગવાનના રામ, કૃષ્ણ કે શંકરરૂપે દર્શન કરી શકે છે.

✻

જેમ સાગરના વિશાળ સલિલ સાથે પંખી પોતાની પાંખની મદદથી સંબંધ સાધે તેમ કવિતાની પાંખથી આધ્યાત્મિકતાના આકાશમાં ઊડનારા તુલસીદાસ, સુરદાસ, મીરાં, નરસી, તુકારામ જેવા ભક્તોએ પરમાત્માના વિશાળ સ્વરૂપને સ્પર્શ કર્યો છે તેમને માટે કવિતાનું મૂલ્ય મંત્ર જેવું મોટું થયું છે.

*

'કાલે કાલે ભાઈ કાલે'ની નીતિને છોડીને 'આજે ભાઈ આજે, અત્યારે'ની નીતિને અપનાવવાની આવશ્યકતા છે.

*

હું મુક્ત છું, માયાથી રહિત છું. પરમ શાંતિ ને પરમાનંદથી ભરેલો છું મને શોક નથી, મોહ નથી, બંધન નથી. સંસારમાં હું સર્વત્ર વ્યાપેલો છું. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારથી પર પરમાત્મા છું.

*

જ્ઞાનની ભાવના જાગે તો પણ તેને શાંત રાખીને પ્રેમની ભાવનાને સફળ કરવાની સાધનામાં લાગી રહેવાની જરૂર છે. ત્યારે જ ભક્તિ કે પ્રેમની સાધના સંપૂર્ણ થઈ શકે.

*

જેમ મનુષ્યયોનિ એક યોનિ છે તેમ પ્રેતયોનિ પણ ચોક્કસ યોનિ છે.

*

ઉષા ને સંધ્યા બંને કુદરતની કવિતા છે. તેમાં સંધ્યા વધારે કરુણ છે તે વધારે ભાગે જીવનસંધ્યા ને મૃત્યુની યાદ આપીને હૃદયને ગંભીર, વિચારશીલ ને વૈરાગ્યરૂપ બનાવે છે. ત્યારે ઉષા સ્ફૂર્તિ, ચેતના, જીવનની પ્રેરણા ને ઉલ્લાસ તરફ પ્રેરે છે.

*

આ માનવજીવન મહા દુર્લભ છે. તેનો સદુપયોગ કરીને પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે. તે માટે જેમ બને તેમ જલ્દી સંસારમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં લગાડી દેવું જોઈએ. તે માટે મોટી ઉંમર થતાં સુધી રાહ જોવાની જરૂર નથી.

✻

ઉછરતી જુવાનીમાં માણસ ધારે તે કામ કરી શકે છે. તે વખતે તેની શક્તિ તાજી ને પ્રબળ હોય છે. મન પણ ઉત્સાહ અને અવનવી આકાંક્ષાથી ભરેલું હોય છે. તેને જે વસ્તુમાં લગાડવામાં આવે તેમાં સહેલાઈથી રસપૂર્વક લાગી જાય છે.

✻

જ્યાં છો ત્યાં રહીને દુર્ગુણનો, દુષ્ટ વિચાર, વૃત્તિ ને દુષ્ટ કર્મોનો ત્યાગ કરો ને પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરો. એટલે સુખશાંતિ મળી જશે.

✻

સંસારમાં નાનાં-મોટાં અનેક જાતનાં સુખ છે. તેમાં સત્સંગનું સુખ સૌથી શ્રેષ્ઠ છે. બીજાં સુખો તનને, મનને અસર કરે છે પણ સત્સંગનું વિલક્ષણ સુખ તો આત્માના પ્રદેશમાં પહોંચી જાય છે અને આત્માને અસર કરે છે.

✻

હિમાલય તો સંતોનું ઘર, ધામ ને આશ્રયસ્થાન. તેને સંતોની આરાધ્યભૂમિ કહીએ અથવા સંતોના માતાપિતાની ઉપમા આપીએ તો કાંઈ જ ખોટું નથી.

✻

નામસંકીર્તન અને ભજન માણસના પોતાના હૃદયમાં પ્રેમ પ્રકટાવીને ઈશ્વરને પ્રસન્ન કરવા માટે છે. તે એક ઊંચી આરાધના છે.

✻

અનુભવોને સર્વસ્વ માનીને બેસી જવાનું નથી. તેથી તો વિકાસ રુંધાય છે. આત્મસાક્ષાત્કાર અથવા ઈશ્વરદર્શન ના થાય ત્યાંસુધી આગેકૂચ ચાલુ જ રાખવાની છે.

✻

માણસ જે સત્કર્મ કે દુષ્કર્મ કરે છે તેનું ફળ તેને વહેલું કે મોડું જરૂર મળે છે.

✻

પ્રત્યેક સાધકે મન, વચન, કાયાથી પવિત્ર થઈને પવિત્ર કર્મો કરવાની ટેવ પાડવાની છે. તે વિના સાધના ભાગ્યે જ સફળ થઈ શકશે.

✻

જે વિપત્તિથી ડરે, ઘા જોઈને ગભરાઈ જાય ને વેદનાનો વિચાર કરીને જેના પગ ધ્રૂજવા માંડે, તે યુદ્ધ કેવી રીતે કરી શકે ? તેને વિજય પણ કેવી રીતે મળી શકે ?

✻

સાધકો બધો સમય સાધનામાં ભાગ્યે જ ગાળી શકે છે તેથી બાકીના સમયમાં તે સાધનામાં બાધક નહિ. પણ સાધક પ્રવૃત્તિ કરે તે ખોટું નથી.

✻

આશ્રમમાં રહીને કે સ્વતંત્રપણે માણસ પ્રવૃત્તિ કરે એ ખોટું નથી. પણ પ્રવૃત્તિના નાદમાં બાહ્ય પ્રવૃત્તિને જ સર્વકાંઈ સમજીને આત્મિક વિકાસની વ્યક્તિગત સાધનાની તેણે ઉપેક્ષા કરવાની નથી.

✽

આશ્રમો આધ્યાત્મિક સાધનાના અકસીર સાધન બનવાની સાથેસાથે જનસેવાના કાર્યમાં પણ એક યા બીજી રીતે ફાળો આપે તે જરૂરી છે.

✽

કુદરતની લીલા અજબ છે. કોઈ તેનો પાર પામી શક્યું નથી. ભલભલા જ્ઞાની કે વિજ્ઞાની પણ તેમાં પાછા પડ્યા છે. પોતાના નક્કી નિયમો પ્રમાણે કુદરત પોતાનું કામ કર્યે જ જાય છે. તેના પ્રભાવમાંથી કોઈ માનવપ્રાણી છૂટી શકતું નથી.

✽

આ જગતમાં ઘણા માણસો એવા છે જે ઉઘાડી આંખે પણ અંધ જેવું જીવન જીવી રહ્યા છે. પોતાની આસપાસની દુનિયામાંથી તે કોઈ નક્કર શિક્ષા મેળવી શકતા નથી. પોતાની આજુબાજુના વાતાવરણ કે પ્રસંગોમાંથી પ્રેરણા મેળવીને પોતાના અનુભવને, જ્ઞાનના ભંડારને ભરપૂર કે સમૃદ્ધ કરી શકતા નથી. પરિણામે આ વિશાળ સંસાર તેમને માટે વિશેષ સહાયકારક થઈ શકતો નથી.

જાગ્રત માણસો પોતાની આસપાસની સામાન્યમાં સામાન્ય ઘટનામાંથી પણ પ્રેરણા લે છે ને માનવજીવન તથા કુદરતના નાના મોટા ક્રમમાંથી કૈં ને કૈં બોધપાઠ ગ્રહણ કરે છે. તેમનું શિક્ષણ સ્કૂલ કે કૉલેજની ચાર દીવાલો પૂરતું જ સીમિત રહેતું નથી અથવા તો અમુક ગ્રંથોના ચિંતનમનનમાં જ પૂરું થતું નથી.

✽

આધ્યાત્મિક ખેતી ખૂબ અનેરી અને આશીર્વાદરૂપ છે. તેમાં જીવનની જમીનને સંયમ ને શ્રદ્ધાના હળ તથા બળદથી ખેડી, ઈશ્વરના પ્રેમનું બીજ વાવવું પડે છે. ભક્તિની વર્ષાને તે પર વરસવા દઈને જ્ઞાનના સૂર્યનાં કિરણોનો લાભ લેવો પડે છે, ત્યારે તેમાં સિદ્ધિ, શક્તિ, શાંતિ, પરમાત્મપ્રાપ્તિ કે પૂર્ણતાનો પાક ઊતરે છે.

*

જે પરમાત્માને પોતાના પ્રિયતમ, સખા ને સુહૃદ માને છે તેનું સૌભાગ્ય સનાતન છે. કરોડો કાળથી પણ તે લૂંટી શકાય તેમ નથી.

*

બીજા બધાં જ સાંસારિક સૌભાગ્યો નામનાં છે. તે ગમે તેટલા સુખદ ને દીર્ઘજીવી દેખાય તો પણ શ્રેયસ્કર ને શાશ્વત નથી.

*

સ્વચ્છતા સૌ કોઈ રાખી શકે છે. તે તો માનવમાત્રનો ઈજારો છે. ગરીબ કે અમીર કોઈપણ તેની સાધના કરી શકે છે. ફક્ત તે માટે રુચિ ને પ્રેમ જોઈએ.

*

ધર્માચરણ અને આત્મિક જીવનની સાધના માટે પણ શરીરસંપત્તિની અનિવાર્ય આવશ્યકતા છે. શરીર પાયો છે.

*

સાચા દિલની પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળે છે. વહેલો કે મોડો પણ પ્રાર્થનાનો ઉત્તર તે અવશ્ય આપે છે.

*

શાસ્ત્રો ને સંતો કહે છે કે જન્માંતર સંસ્કાર ને કર્મફળની ભૂમિકા પર વર્તમાન જીવનનો ઘાટ ઘડાય છે.

✻

મહાન બનવા માટે માનવતાની ખીલવણી જરૂરી છે. માણસ કેવળ ધન, સંપત્તિ, સત્તા, વિદ્યા અને સુંદરતા તથા તપથી પણ મહાન બની શકતો નથી. તે બધી કે તેમાંથી એકાદ વસ્તુ હોવા છતાં પણ જો તે સાચા અર્થમાં માનવ ના બને તો તેને મહાન કહી શકાય નહિ.

✻

હે 'મા', મને શુદ્ધ બનાવ, મુક્ત બનાવ ને દિવ્ય બનાવ. મારી નિર્બળતાનો નાશ કરી દે, મારા દૂષણ દૂર કર, મારી અશુદ્ધિનો અંત લાવી દે.

✻

ઈશ્વરના ભક્તના માતાપિતા ને તેનું કુળ સહેલાઈથી તરી જાય છે.

✻

ઊંચી કોટિની આત્મોન્નતિની સાધના સંયમના પાલન વિના ભાગ્યે જ થઈ શકે.

✻

બુદ્ધિ ને સંસ્કાર બે જુદી જ વસ્તુઓ છે. બન્નેનો સમન્વય બહુ વિરલ વ્યક્તિના જીવનમાં જોવા મળે છે.

✻

હૃદય શુદ્ધ થતાં ને પ્રેમની વૃદ્ધિ થવા માંડતા ઈશ્વરદર્શન સહેજે થઈ શકશે.

✻

મૌનવ્રતથી શક્તિ બચે ને શાંતિ મળે છે ને વિચારશક્તિ વધે છે. તેનો સૌથી મોટો લાભ એ છે કે માણસ તે દરમિયાન અસત્યભાષણથી અનિચ્છાએ પણ બચે છે. ચિત્તની એકાગ્રતા અને કર્તવ્યપરાયણતા માટે એ આવશ્યક છે.

*

મૌનનો મર્મ માણસે રોજિંદા જીવનમાં ઉતારવો જોઈએ.

યોગસાધનાનો આધાર લેવાથી પરમાત્માનો સાક્ષાત્કાર સાધકને સહેલાઈથી થઈ શકે છે.

*

લગ્નજીવનમાં પડેલા માણસોએ પણ પોતાના મનને ધીરે ધીરે વિશુદ્ધ ને ઈશ્વરપરાયણ કરવાનું છે. લગ્નજીવનનું શ્રેય તેમાં જ છે.

*

યોગાભ્યાસ માટે મુખ્ય અનિવાર્ય આવશ્યકતા ગુરુ અથવા માર્ગદર્શકની છે.

*

યોગાભ્યાસ પ્રત્યેક માનવને માટે ખૂબ જ ઉપયોગી છે. આત્મિક ઉત્કર્ષની વાત કોરે મૂકીએ તો પણ સ્વાસ્થ્યના સુધાર ને સંરક્ષણ માટેય તેનું મહત્ત્વ ઘણું મોટું છે.

*

જેને ઈશ્વર પર શ્રદ્ધા ને સાધના પર પ્રેમ છે તે ક્રમે ક્રમે તેમાં જરૂર સફળતા મેળવે છે.

*

મોટા માણસની આગળ સાધારણ વસ્તુ માટે હઠ કરવી ને તેમને મનદુઃખ કરવું તે સારુ નહિ.

✽

સ્તુતિ ને નિંદાનો ક્રમ તો સંસારમાં ચાલ્યા જ કરવાનો. સાધકે શંકર સમાન શાંત મનવાળા થઈને બંનેનું પાલન કરતાં ને બંનેને હજમ કરી જતાં શીખવાનું છે. બંનેની અસરથી અલિપ્ત રહેવાનું છે.

✽

વહેલી સવારે ઉચ્ચ સ્વરે ભજનકીર્તન ને સમૂહપ્રાર્થના કરવાની પદ્ધતિ ભૂલભરેલી છે.

✽

જેને આગળ વધવું છે ને વિજયી થવું છે તેના માર્ગમાં મુશ્કેલીઓ આવવાની જ. સંકટ ને પ્રતિકૂળતાનો સામનો તેણે જરૂર કરવો પડવાનો. આંસુ, આહ અને અંધકારના અનુભવમાંથી પસાર થવું પડવાનું. તેનાથી હતોત્સાહ થયા વિના જે આગળ વધે, ને મર્દની પેઠે સંકટ સામે સ્મિત કરે, તે જ કાંઈક મેળવી શકે છે, ને જીવનના જંગમાં તે જ જીતી શકે છે.

✽

**—સંકલન**

# ॥ નૂતન વર્ષ : નૂતન સત્કર્મ ॥

ઈ.સ. ૨૦૨૪નું 'નૂતન વર્ષ સૌને સર્વ દિશાથી શુભ મંગલ હજો, પરમાત્માની કૃપા વરસતી રહો.' પરમ વંદનીય પૂ.શ્રી'મા'નો આ સંદેશ શું આવ્યો કે એનો જ પ્રતિઘોષ 'સ્વર્ગારોહણ' તીર્થમાં સંભળાયો. અને આ દિવ્ય તીર્થની પુનિત પરંપરા-સત્કર્મનો શુભારંભ થયો.

જે 'સ્વર્ગારોહણ'માં નિતાન્ત પ્રેમ-કરુણા-કૃપાની ગંગા અવિરત વહ્યા જ કરે છે, એ સ્વર્ગારોહણ ચૅરિટેબલ ટ્રસ્ટની કલ્યાણકારી પ્રવૃત્તિઓનો શ્રી અજયભાઈએ સરસ સંક્ષિપ્ત પરિચય આપ્યો. અને ડૉ. અરુણાબહેન ઠાકરે ગુરુ ભગવંત પૂજ્યશ્રીયોગેશ્વરજીની જીવંત તસ્વીર એમની રસાળ પ્રવાહી શૈલીમાં ખડી કરી દીધી. તો શ્રી તરલાબહેને પૂ.શ્રી'મા' સર્વેશ્વરીની આછી ઝલક આપી.

તા.૧/૧/૨૦૨૪ના રોજ નૂતન વર્ષના શુભ પ્રભાતે જ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત 'શ્રી અંબાજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ'ની ૧૫૦ જેટલી આદિવાસી કન્યાઓને (હૉસ્ટેલનિવાસી) ઠંડીના દિવસોમાં ગરમ સ્વૅટર, ગરમ સ્કાર્ફનું સંત તેમજ સત્કર્મપ્રેમી શ્રી મંજુલાબહેન ભાવસારના શુભ હસ્તે વિતરણ થયું. શ્રી વિજયભાઈ કનેરિયા તરફથી ચીકી અને શ્રી આશલ ભટ્ટ તરફથી સ્ટેશનરીની કીટ આપવામાં આવી. અમૅરિકાથી શ્રી ભગવાનભાઈ ભક્ત અને કૅનેડાથી રૂપલબેન-વિકાસભાઈનો અચાનક સુયોગ થતાં તેમણે પણ ચૉકલેટોના પ્રસાદથી બહેનોને ખુશ કરી દીધી.

આ સત્કર્મમાં અંબાજી કૉલેજના પ્રિ.શંકરભાઈ પટેલ, પ્રોગ્રામ ઑફિસર શ્રી પ્રવીણભાઈ ચૌહાણ તેમજ કૉલેજના અન્ય અધ્યાપકોએ પધારી, કાર્યક્રમનું ગૌરવ વધાર્યું.

નવાં સ્વૅટર, સ્કાર્ફ-પ્રસાદ મેળવી ૧૫૦ બહેનો બહુ પ્રસન્નચિત્તે 'જય કૃપાળુ મા'નો નારો ગજવતી વિદાય થઈ.

અંતે 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ'ની પ્રાર્થના, અને પાંચ પ્રણામ તેમજ નવ મંત્રગાનથી આ 'સત્કર્મયજ્ઞ' પૂર્ણાહુતિ પામ્યો.